# સહજ-સત્સંગ

અંક : ૨૮૪ વર્ષ : ૨૪ તંત્રી : માનસિંહભાઈ ચાવડા ઑગસ્ટ - ૨૦૧૨





# મા મીરાંબિકા

Everything that shocks me in others
means a work I have to do myself.

- The Mother

## અધુરું કાર્ય

ભાવાનુવાદ


જે મને આઘાત દે, અન્ય જીવને જોઈને,
તે મારી પણ ખામી રહી, એ નિશ્ચિત તું જાણી લે.
તેને જીતી નષ્ટ કરવી, એ જ સંકલ્પ હૃદયે ધરો,
ટીકા ટીપ્પણી ન વધે, ને અહંકારને મજબુત ના કરો.

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૧૫ ઑગસ્ટ ૧૯૧૪)



**તેં મને શા માટે એમ કહ્યું છે કે તારા હૃદયમાં મને મળેલા સુભાગી સ્થાનને મારે છોડી દેવું જોઇએ અને જે સાક્ષાત્કારને એકે એક ચીજ અશક્ય તરીકે સિદ્ધ કરી આપતી દેખાય છે તેને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવા માટે પૃથ્વી ઉપર પાછા ફરવું જોઇએ?**

**તારી શક્તિ પોતાનો આવિર્ભાવ સાધવા માટે જ્યારે પૃથ્વી પ્રત્યે અવતરણ કરે છે તે વખતે પેલાં મહાન આસુરી સ્વરૂપો કે જેમણે તારા સેવક બની રહેવાનો નિર્ણય લીધેલો છે, પરંતુ તેમણે પોતાની પ્રકૃતિનું પ્રધાન અને અજોડ એવું લક્ષણ તો સાચવી રાખેલું છે એમાંનું દરેક સ્વરૂપ..... હંમેશા એમ વિચારે છે કે એ પોતે જ એક માત્ર માધ્યમ બની રહે અને તારી મહાશક્તિ સાથેનો અન્ય સૌ કોઇનો સંબંધ એની માધ્યમતા વિના થઈ શકવો ન જોઇએ અને થવા દેવો ન જોઇએ. આ વિષાદકારી કૃપણતા..... વસ્તુઓને અનિશ્ચિત કાળ સુધી વિલંબમાં નાખી રહી છે..... આ દયાજનક મર્યાદિતતાઓમાંથી મુક્ત રહી જવાનું કાર્ય જો મહાનમાં મહાન સ્વરૂપો માટે પણ અશક્ય રહેલું છે તો પછી, હે પ્રભુ, તું શા માટે..... વધસ્તંભ ઉપર મને બળજબરીથી ચડાવી દે છે ?..... તારી ઈચ્છા જો એવી જ હોય કે એ એમ જ થવું જોઇએ, તો પછી તારે છેલ્લામાં છેલ્લું આવરણ ચીરી નાખવું જોઇએ અને જગતનું રૂપાંતર કરવા માટે તારો ઝળહળતો પ્રકાશ... આવી જવો જોઇએ!**

**આ ચમત્કારોને સિદ્ધ કરી દે અથવા તો મને તારી અંદર નિવૃત્તિ લઈ લેવા દે.**

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પ્રભુ સાથેની સક્રિય એકરૂપતા) | ૩ | **આત્મસિદ્ધિ** (દિવ્યપૂર્ણતા) | ૩૫ |
| **શ્રી અરવિન્દના અગાધ જ્ઞાનનો પરિચય** (શ્રી માતાજીએ પૂર્ણયોગ વ્યવહાર ભૂમિકામાં ઊતાર્યો) | ૪ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (આસ્તિક - નાસ્તિક સરખા ભાઇ) | ૩૮ |
| **માતૃવાણી** (પ્રકૃતિ અને તેનાં બળો) | ૭ | **સુંદર કથાઓ** (હૃદયની ભાષા) | ૩૯ |
| **સાવિત્રી** (દિવ્ય-ક્ષમતાઓનું પ્રાગટ્ય) | ૯ | **સર્વાંગી આરોગ્ય** (દવા દ્વારા રોગ - નિવારણ) | ૪૦ |
| **યોગ વિષે પત્રો** (ધર્મ અને યોગ) | ૧૫ | **માનવની સર્વનાશક કુટેવ** | ૪૩ |
| **વેદવિજ્ઞાન** (પવમાન વાજિન્ અને ઈશ્વર) | ૧૯ | **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (અકળામણ અને ક્ષોભનો ઉપાય) | ૪૫ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (પૂર્ણયોગમાં રૂપાંતરનો અર્થ) | ૨૧ | **દર્શનદિન** - **શ્રી અરવિન્દ જન્મદિનની ઉજવણી** | ૪૬ |
| **યોગ પર દીપ્તિઓ** (ચેતનાનાં સ્તરો અને વિભાગો) | ૨૪ | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |
| **વેદ રહસ્ય** (અગ્નિનું સ્વરૂપ) | ૨૬ | | |
| **સાંજના વાર્તાલાપો** (પુનર્જન્મની પ્રક્રિયા) | ૩૦ | | |
| **ઉપનિષદોનું અમૃત** (પંચકોષ વિદ્યા) | ૩૨ | | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૨૮૪ વર્ષ : ૨૪
ઑગસ્ટ - ૨૦૧૨

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ-૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'** ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# પ્રભુ સાથેની સક્રિય એકરૂપતા

(પૃ.૧૬૬ - ૧૬૭)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજીને અંદરથી આદેશ મળેલો છે કે તેમણે પ્રભુ સાથેની નિષ્ક્રિય એકરૂપતાનું મધુર સ્થાન હવે છોડી દેવું જોઇએ અને પ્રભુના પૂર્ણ સાક્ષાત્કારને અવરોધરૂપ બધી જ વસ્તુઓ મારી હઠાવી પૃથ્વી ઉપરના ભૌતિક સ્થૂળ જીવનમાં પાછા ફરવું જોઇએ.

માતાજી કહે છે કે જ્યારે પ્રભુની દિવ્ય-શક્તિ પૃથ્વી ઉપર આવિર્ભાવ કરવા પ્રયત્ન કરે છે ત્યારે આસુરી - શક્તિઓ જે પહેલા પ્રભુના સાચા અને પૂર્ણ સેવકો હતાં (પૂર્વે દેવા:) તેઓ તે આવિર્ભાવનો કબજો લઈ પોતાના અહંકારને પોષવા એવો ઘાટ રચે છે કે પ્રભુનો આવિર્ભાવ ફક્ત તેઓ જ કરી શકે અને લોકોને તે કરતા શીખવું હોય તો તેમણે આસુરોના માર્ગદર્શન નીચે જ શીખવું જોઇએ. તેમના પોતાના સિવાય પ્રભુના આવિર્ભાવ પ્રક્રિયાનો કોઇ જાણકાર જ ન રહેવો જોઇએ.

આવી તેમની સંકુચિતતા અને કૃપણતા જ પ્રભુના ભૌતિક - સ્તરના આવિર્ભાવમાં અનેક અવરોધો અને મર્યાદાઓ નિર્માણ કરે છે અને પ્રભુના પૂર્ણ આવિર્ભાવને વિલંબમાં નાખી દે છે.

આવી કૃપણતા, પોતાના અહંકારને પોષવાની વૃત્તિ દરેક અસુરમાં કે તેનાથી પ્રભાવિત વ્યક્તિના ચારિત્ર્યમાં જોવામાં આવે છે. પણ આ જાણે એક આવિર્ભાવ પ્રક્રિયામાં નિર્માણ થતું દૂષણ જેવું બની ગયું છે !

માતાજી જણાવે છે કે પ્રભુ, તમને એમ જ લાગે છે કે આ દૂષણને તત્કાળ હઠાવવું જરૂરી છે જ તો મને આટલી દુર્બળ શા માટે બનાવી ? મારી આવી દુર્બળતા સાથે મને ઉત્ક્રાંતિના વધસ્તંભે ચડાવી દેવાનો તું શા માટે આગ્રહ રાખે છે ? પ્રભુ, જો ખરેખર મારે તે કામ કરવું જોઇએ તો તારે મારા માટે તે એક કાર્ય કરવું જ પડશે. મારા અજ્ઞાનનું જે છેલ્લું આવરણ છે તે પણ તારે ચીરી નાખવું જોઇએ, જેથી મારામાં અજેય એવી દિવ્ય-શક્તિઓ પ્રગટે. જગતનું રૂપાંતર કરી નાખવાની ક્ષમતા મારામાં પ્રગટ થાય. પ્રભુ, તમે મારામાં આ ચમત્કાર કરો અથવા મને તમારા હૃદયમાં પહેલાની જેમ છુપાઇને બેસી જવા દો.

# શ્રી માતાજીએ પૂર્ણયોગ વ્યવહારુ ભૂમિકામાં ઊતાર્યો !

- જ્યોતિબેન થાનકી

**સાધકોને માર્ગદર્શન**

શ્રી માતાજીની દૈવી-સહાયથી વ્યક્તિ પોતાની નિમ્નપ્રકૃતિની પકડમાંથી પણ ઝડપથી મુક્ત થઈને આત્માના પ્રદેશમાં સ્થાયી બની શકતી હતી. વર્ષોની મથામણ અને તપશ્ચર્યાથી જે શક્ય ન બની શકે તેવું શ્રી માતાજીનાં દર્શન માત્રથી શક્ય બની જતું. દુ:ખથી ભાંગેલા, જીવનથી થાકેલાં અને હતાશ થઈ ગયેલાં અસંખ્ય લોકો શ્રી માતાજી પાસે આવતાં. એમનાં થોડી ક્ષણોનાં દર્શનથી એમની સમગ્ર ચેતના જ બદલાઈ જતી ! જ્યારે તેઓ પાછા ફરતાં ત્યારે તેઓ આનંદમગ્ન બની જતાં અને ત્યારે તેમને જગત ખૂબ સુંદર, આનંદપૂર્ણ અને જીવવા જેવું લાગતું. શ્રી માતાજીનાં ક્ષણોનાં દર્શનમાં એવું તે શું બનતું કે બધું જ બદલાઈ જતું ? એક સાધકે શ્રી માતાજીને આ પ્રકારનો પ્રશ્ન પૂછ્યો હતો. તેના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે '' કેટલાક લોકો મારી પાસે દુ:ખથી પારાવાર હતાશ બનીને આંસુ સારતાં આવે છે, અને તેમને એ સ્થિતિમાં જોતાં હું મારી ચેતનામાંની સોયને થોડીક આઘીપાછી કરી લઉં છું અને એ લોકો મારી પાસેથી જ્યારે પાછા ફરે છે ત્યારે અનુભવે છે કે તેમને એક પૂર્ણ આશ્વાસન મળી ગયું હોય છે.'' શ્રી માતાજી કેવી અદ્‌ભુત પ્રક્રિયા કરીને લોકોને પોતાના દિવ્ય-આનંદમાં મૂકી દેતાં હતાં, એની એમની પાસે આવનાર લોકોને બિલકુલ ખબર પડતી નહીં. તેઓ તો ફક્ત પોતાની બદલાયેલી સ્થિતિ અને અપાર આનંદનો અનુભવ કરતા રહેતાં. પણ આ આધ્યાત્મિક માતાની ચેતના એટલી તો વિશાળ અને વ્યાપક હતી કે એ ચેતનામાં એમણે પોતાની સમીપ આવનાર સર્વને સમાવી લીધાં હતાં અને પોતાની ચેતનામાં સહેજ પરિવર્તન લાવીને તેઓ આવનાર વ્યક્તિની સામાન્ય ચેતનાને ઊર્ધ્વમાં મૂકી દેતાં, અને ચેતનાનો સ્તર જ સમૂળગો બદલાઈ જતો. પછી વ્યક્તિને એની એ પરિસ્થિતિ કે એનાં એ દુ:ખો હોવા છતાં એ દુ:ખ દુ:ખ જણાતાં નહીં. એ

દુઃખ એને અસર પણ કરી શકતાં નહીં. આ રીતે આ દિવ્ય માએ પોતાની સમીપ આવનાર સર્વને પુષ્પો અને સ્થૂલ ભેટોની સાથે સાથે ઊર્ધ્વ-ચેતનામાં આરોહણ કરાવીને તેમના જીવનને પ્રભુના રસ્તે મૂકી આપવાનું અભૂતપૂર્વ કાર્ય કર્યું છે. એટલું જ નહીં, પણ શ્રી માતાજી પોતાની પાસે આવનાર મનુષ્યોની ચેતનામાં રહેલા નિમ્ન-પ્રકૃતિનાં હઠીલાં તત્ત્વોને દૂર કરીને એમની ચેતનામાં સૂક્ષ્મ રીતે જે પરિવર્તન કરવાનું હોય તે કરી દેતાં. જો વ્યક્તિ સભાન હોય તો પછી તેનાં જીવનમાં અમૂલ્ય પરિવર્તન આવી જતું અને તેની સાધના ખૂબ જ ઝડપી બની જતી. આમ, દિવ્યમાતા આંગળી પકડીને પોતાનાં બાળકોને ચેતનામાં ઊર્ધ્વ-પ્રદેશોમાં લઈ જતાં હતાં. એટલું જ નહીં પણ સર્વ પ્રકારનાં જોખમો, ભયોમાંથી સહીસલામત રીતે ઉગારી લેતાં હતાં.

આ ઉપરાંત શ્રી માતાજી પોતાનાં બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય કંડારી આપતાં હતાં. જે ભવિષ્યની માનવમને કલ્પના પણ ન કરી હોય, એવું તેજોમય ભવિષ્ય આ દિવ્યમાતા સર્જી આપતાં હતાં. તેમણે આ સંદર્ભમાં એક સાધકને કહ્યું હતું : ''તમે તમારા પોતાના વિષે જે જાણતા હો અને હું તમારા વિષે જે જાણતી હોઉં એ બે વસ્તુ વચ્ચે ઘણો મોટો તફાવત છે. હું તમારા વિષે જે જાણતી હોઉં છું, એ તમારે જે બનવાનું છે, એ વિષે મેં મારી આગળ એક ચિત્ર તૈયાર કરેલું હોય છે, અને એ ચિત્ર તે તમારું પોતાનું સાચું સ્વરૂપ છે. તમે એ ચિત્ર પ્રમાણે બનો એ માટે હું મારી ચેતનાની તમામ શક્તિ વાપરીને એ સ્થિતિને ટકાવી રાખું છું.'' મનુષ્ય વર્તમાનમાં જે છે નહીં પણ તેના ભવિષ્યના સાચા સ્વરૂપનું દર્શન કરી, એ પ્રમાણે તે બને, એ માટે તેનું ભાવિ રૂપ પોતાની ચેતનામાં ધારણ કરીને તેને ટકાવી રાખી; આ દિવ્યમાતાએ પોતાનાં અસંખ્ય બાળકોનાં તેજોમય ભાવિનું નિર્માણ કરી તેમને તેમના સાચા સ્વરૂપમાં મૂકી આપ્યાં છે.

ફક્ત પોતાની સમીપ રહેનારાં બાળકો પૂરતું જ એમનું આધ્યાત્મિક માતૃત્વ સીમિત નહોતું. આ આધ્યાત્મિક માતૃત્વ તો સમગ્ર પૃથ્વીની ચેતનાને આવરીને વ્યાપેલું હતું. ભૌતિક રીતે શ્રી માતાજી દૂર દૂર રહેલાં એમનાં બાળકો, સાધકો, અરે કોઈ પણ સામાન્ય મનુષ્ય તેમને અંતરથી પોકારતા કે સહાય માટે પ્રાર્થના કરતા તો શ્રી માતાજીની સહાય એમને અવશ્ય મળી જતી. ઘણી વખત શ્રી

માતાજી કામ કરતાં કરતાં કે સાધકો સાથે વાતચીત કરતાં કરતાં ગંભીર બની જતાં. આથી કોઈ સાધકે પૂછ્યું કે ''માતાજી, ઘણી વખત આપ અચાનક ગંભીર બની જાઓ છો તો એનું શું કારણ છે ?'' ત્યારે એમણે કહ્યું કે; ''એ વખતે મારી પાસે કોઈ પુકાર આવ્યો હોય છે, અને હું એના ઉપર કાર્ય કરતી હોઉં છું.'' શ્રી માતાજીની ચેતના કંઈ સ્થળ અને કાળમાં પુરાયેલી મર્યાદિત ચેતના નથી. એ ચેતના તો સર્વ સ્થળે, સર્વ સમયે, સર્વત્ર હાજર છે, વ્યાપક છે. પરંતુ એના સંપર્કમાં આવવા માટે વ્યક્તિએ તેને પોકાર કરવો જોઈએ. પોકારને પરિણામે શ્રી માતાજીની ચેતના વ્યક્તિની અંદર કાર્ય કરવા લાગે છે અને તે વ્યક્તિને સહાય અને શક્તિ મળી જાય છે. જીવનની વિટંબણાઓમાં ઝઝૂમવાનું બળ મળી જાય છે.

શ્રી માતાજીને આશ્રમના એક બાળકે પ્રશ્ન પૂછ્યો હતો કે ''તમે અમારાં જેવાં બનીને કેમ આવ્યાં ? તમે જે સ્વરૂપે છો, એ સ્વરૂપે કેમ ન આવ્યાં ?'' તેના ઉત્તરમાં શ્રી માતાજીએ કહ્યું હતું કે ''જો હું તમારા જેવી બનીને ન આવી હોત તો હું તમારી નિકટમાં ન આવી શકત અને તમને હું એ ન કહી શકત કે હું જે છું તે તમે બની જાઓ.'' આમ, આ દિવ્યમાતા મનુષ્યોને પોતાના જેવા દિવ્ય બનાવવા પૃથ્વી ઉપર આવ્યાં હતાં.

---

(અનુ. પૃષ્ઠ ૮ ઉપરથી)

## માતૃવાણી

દ્વાર ખોલી આપ્યાં અને હેરાન થયા. ખરેખર લોકોએ દિવ્ય સાક્ષાત્કાર માટે નિર્ભય થઈ યુદ્ધ આપવાની જરૂર હતી. (૨૯ ફેબ્રુ. ૧૯૫૬ના રોજ અતિમનસ શક્તિનું અવતરણ સૂક્ષ્મપાર્થિવ તત્ત્વમાં થયું તે પહેલાની આ કટોકટી હતી) પૃ. ૨૩

૧૭ પ્રભુ માટે પ્રભુને પોકારો. ઊર્ધ્વ તરફ ખુલ્લા થાઓ. નિર્ભય બની રહો. પ્રભુ તમને જરૂર પ્રત્યુત્તર આપશે. વિરોધીતત્ત્વો પરાભૂત થશે. પૃ. ૨૩

૧૮ તમારાથી પૂરી સચ્ચાઇ સાથે પરમાત્માભિમુખ થાઓ. માનવ-રજૂઆતો, સંસર્ગો અને અભિપ્રાયોથી પર રહો, તો જ તમારામાંની અવ્યવસ્થા ટાળી શકશો. વધુ માનવી-સંપર્કો આંતરિક અવ્યવસ્થા નિર્માણ કરે છે. વિરોધી-બળોની અસર નિર્માણ કરે છે. પૃ. ૨૪

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો
# પ્રકૃતિ અને તેનાં બળો
### (માતૃવાણી ભા.-૧૫, પૃ.૯ - ૨૪) (ચર્ચાના મુદ્દા સંક્ષેપમાં)

પ્રકરણ - ૧૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**ઉચ્ચતર સત્ત્વો**

૧ ઉચ્ચતર સત્ત્વો માનવજાતિને મદદરૂપ થાય એ જ માનવોની તે સત્ત્વો પાસે અપેક્ષા છે. પૃ.૧૭

૨ સામાન્ય માણસ સંતને સસ્તામાં પોતાની પસંદગીનું સંગીત સંભળાવતા સંગીત-યંત્ર જેવા ગણે છે. પૃ.૧૭

૩ અહંકારમુક્ત માણસ વૈશ્વિક અને બિનંગત બળો મારફત બધામાં કાર્ય કરે છે. તેમનામાં ચેતના પૂરે છે. તેમને ટેકો આપે છે. પણ સામાન્ય લોકો તેમની ઉપેક્ષા જ કરે છે. તેની જગત નોંધ લેતું નથી. પૃ.૧૭

**વિરોધીબળો**

૧ આધ્યાત્મિક-પ્રગતિમાં આપણે નિર્ણાયક પગલું લેતા તે પ્રગતિ રોકવા વિરોધીબળો સક્રિય બને છે. તેઓ આપણા આત્માને નુકસાન પહોંચાડી શકતા ન હોવાથી આપણા મન, પ્રાણ અને શરીરને નિશાન બનાવે છે. પ્રભુકૃપા આપણને તે હુમલામાંથી બચાવે છે. પૃ.૧૮

૨ આપણી અચેતનતા એ તેમનું હુમલાનું માધ્યમ છે, તેથી અચેતનતામાં ન રહેવાથી તેમને તક મળતી નથી. પૃ.૧૮

૩ ઈર્ષા, અસંતોષ, અભિમાન તેમનાં પ્રવેશદ્વારો છે અને પ્રભુના સંરક્ષણની બહાર આપણને લઈ જાય છે, તેથી આવી ખોટી ગતિઓ ન નિર્માણ થવા દેવી સારું છે. પૃ.૧૮

૪ પ્રાણમય સત્ત્વો રમૂજ માટે ખોટા સૂચનો મોકલી તમને ગ્રહણ કરાવે છે અને

મુશ્કેલીમાં મૂકે છે. આ સૂચનોને પસાર થતા માતાજી જોઇ શકતાં. પૃ.૧૮

૬ મહાકાળીની શક્તિ આવા હુમલાઓને મારી હઠાવે છે પણ આપણે પ્રત્યુત્તર દઇ ફરી આમંત્રીએ છીએ. પૃ.૧૮

૭ હુમલાઓથી ડરીને તેનો વધુ વિચાર કરશો તો તે વારંવાર આવશે. પૃ.૧૯

૮ વિરોધીબળો હુમલો કરવાના માધ્યમ માટે વિવિધ લોકોનો ઉપયોગ કરે છે. પૃ.૧૯

૯ માણસની સચ્ચાઇની કસોટી કરવા જ વિરોધીબળો છે. પૂર્ણ સચ્ચાઇવાળા પાસે વિરોધીબળો ફરકતા નથી. સંપૂર્ણ જગત પૂર્ણ સચ્ચાઇને ધારણ કરશે તો વિરોધીબળો નામશેષ થઇ જશે. પૃ.૧૯

૧૦ ઘાતકી વિચારોને કારણે પ્રાણમય-જગતનાં સત્ત્વો પૃથ્વી ઉપર રોગજંતુ નિર્માણ કરે છે. તેઓ માનવીવિરોધી નથી પણ પ્રભુવિરોધી છે. ચેતનાનો વિકાસ તેઓ સહી શકતા નથી. તેને અટકાવવા રોગ નિર્માણ કરે છે. મૃત માણસોના વિકૃત પ્રાણમય અવશેષોમાંથી પણ રોગજંતુ નિર્માણ થાય છે. પૃ.૧૯

૧૧ વિરોધીબળો સાથે સાચી રીતે કામ કરવાથી સાચું ને સુંદર છે તે ટકી રહે છે. બેહૂદું અને જૂઠું નાશ પામે છે. પૃ.૧૯

૧૨ અહંકાર વિરોધીબળોનું પ્રવેશદ્વાર છે, તેથી આત્માએ અહંકારનું રૂપાંતર પ્રભુના આવિર્ભાવ-કેંદ્રમાં કરવાનું જરૂરી છે.પૃ.૨૦

૧૩ બહારથી આવતા આવેગો આપણને નચાવે છે. આપણે સ્વતંત્ર નથી. મજબૂત સંકલ્પશક્તિથી બધાં તત્ત્વોને ચૈત્યપુરુષ ફરતે ગોઠવ્યા બાદ જ સાચી સ્વતંત્રતા મળે છે. તે આત્માની સ્વતંત્રતા છે. પૃ.૨૧

૧૪ અહંકાર, મિથ્યાભિમાન, મહત્ત્વાકાંક્ષાના ગુલામ ન બનતા ગુરુ અને પ્રભુના સમર્પિત સેવક બનો. તે સાચો માર્ગ છે. પૃ.૨૧

૧૫ વિશુદ્ધિનો શ્વેતપ્રકાશ વિરોધીબળોને મારી હઠાવે છે. તે પ્રકાશને માનવ-સુલભ ગતિઓ પરદેશી વસ્તુ છે. તેને ધારણ કરતાં શીખો. પૃ.૨૨

૧૬ ૧૯૫૫ને શ્રી માતાજીએ જોખમી અને કપરું વર્ષ ગણાવેલું. શ્રી માતાજીએ બધાંને 'સંભાળ રાખજો' એવી સૂચના આપી. તેનો અર્થ આધ્યાત્મિક ભૂલ ન કરો. સાચી ચેતનામાં જીવો એવો હતો પણ લોકો ડરી ગયા. વિરોધી બળો માટે

(અનુ. પૃષ્ઠ ૬ ઉપર)

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## દિવ્ય-ક્ષમતાઓનું પ્રાગટ્ય

પ્રકરણ - ૧૧

(Savitri B-1, C-3, P - 43)

The world was a conception and a birth
Of spirit in Matter into living forms,
And Nature bore the Immortal in her womb.
That she might climb through him to eternal life.

અખિલ બ્રહ્માંડમાં પોતાની ચેતનાને પ્રગટ કરવાનું જાણે મહાન-ક્ષેત્ર મળી ગયું હોય એવું અશ્વપતિને લાગે છે ! આ બ્રહ્માંડમાં ચેતનાને પૂર્ણરીતે પ્રગટ કરી શકે એવા રૂપો ઘડવા માટે જાણે અનંત અખતરા ચાલી રહ્યાં છે ! આપણી પૃથ્વી ઉપરનો ઉત્ક્રાંતિનો અખતરો તે પૈકી એક છે. શ્રી અરવિન્દે આ અખતરાનો સંકલ્પ કેવી રીતે રજત-પ્રકાશમય સત્-ચેતનામાં વવાયો તેનું વર્ણન કરીને પ્રભુ તે અખતરાને પાર પાડવા કેવા કેવા શ્રમ કરી રહ્યાં છે; તે તેમણે "A God's labour" કાવ્યમાં દર્શાવેલ છે. આપણું ભૌતિક-જગત એ પેલી સત્-ચેતનાએ જ લીધેલો ઘનીભૂત આકાર છે. આ સત્-ચેતના મારફત જ ચિત્-ચેતના જીવન તરીકે આવિર્ભાવ પામી રહી છે અને તે જીવનને પોતાની દ્વારા આનંદમય - ચેતના પ્રગટ થાઓ એ અભિલાષા છે. ઉત્ક્રાંતિનું આ મૂળભૂત સ્વરૂપ છે.

આ અખિલ બ્રહ્માંડનો ઉગમ પ્રભુના સંકલ્પમાંથી થએલ છે. Conception એટલે સંકલ્પ કરવો. બીજો અર્થ થાય છે ગર્ભ-ધારણા. જાણે પ્રભુએ પોતે જ આ ભૌતિક જગતમાં 'ગર્ભ' તરીકે સ્થાન લીધું છે. (તસ્મિન્-ગર્ભં. દધામ્યહમ્-ગીતા) તે ગર્ભ એક સુવર્ણમય પ્રકાશસ્વરૂપ છે. તે ચિત્-ચેતનાનો ગર્ભ છે, તે

'જીવન'નો ગર્ભ છે. તે પ્રભુની હાજરી સ્વરૂપ સુવર્ણમય તણખો છે. આને જ વેદો હિરણ્ય-ગર્ભ કહે છે.

વૈશ્વિક કક્ષાએ જે હિરણ્ય ગર્ભ છે તે વ્યક્તિગત કક્ષાએ ચૈત્યપુરુષ છે, જેણે પોતાની અંદર સુવર્ણમય પ્રકાશ - સ્વરૂપ પ્રભુની હાજરી ધારણ કરેલ છે. આ સુવર્ણમય હાજરી એ જ જીવાત્મા છે, જે પ્રભુનો સાચો અંશ છે. તે જીવાત્માએ પછી દિવ્યપ્રકૃતિનું સ્વરૂપ ધારણ કરીને પોતાનું વ્યક્તિત્વ રચ્યું છે, "being" રચ્યું છે. તેને કહે છે ચૈત્યપુરુષ અર્થાત્ "psychic - being". સુવર્ણમય હાજરી એ ગર્ભધારણા છે, "conception", તો ચૈત્યપુરુષ એનો 'જન્મ' છે, "birth" છે. આ આધ્યાત્મિક-જન્મને કારણે જ જડપ્રકૃતિનાં સ્વરૂપોમાં ચેતના આવી છે. જીવન પ્રગટ થયું છે. તે "living form" બની ગયું છે. ચેતનપ્રાણી બન્યું છે. આવી રીતે નિસર્ગે સનાતનતત્ત્વને પોતાના ગર્ભમાં ધારણ કરેલ છે. આ ગર્ભ ધારણ કરવાનો એક ખાસ હેતુ છે અને તે છે કે તેની સમગ્રપ્રકૃતિ તે ગર્ભના વિકાસ સાથે ચૈત્યપુરુષના વ્યક્તિત્વનાં ઘટકો સ્વરૂપે વિકાસ પામે. પ્રકૃતિ કોઈ જુદું તત્ત્વ નથી જ. તે પણ ચેતનાની જ ઘનીભૂત અવસ્થા છે. ચેતના જ પોતાની ઘનીભૂતતા મારફત પ્રગટ થવા પ્રયત્ન કરી રહી છે. તે પ્રકૃતિને પણ સનાતન જીવનની પ્રાપ્તિ કરવી છે. સનાતન જીવન એટલે હાલમાં છે તે જ ચેતનાની સ્થિતિમાં દેહને અમર કરવાની આ ખેવના નથી, પણ પરમ-ચેતના સાથે એકરૂપતા સાધેલી ચેતાનએ પ્રકૃતિદ્વારા પોતાને શુદ્ધ અને નિત્ય સ્વરૂપે પ્રગટ કરવાની ખેવના છે. પ્રકૃતિને પોતે ઉત્ક્રાંત થઈ સનાતન-ચેતનાનું વાહક બનવું છે. તે જ સનાતન-જીવન છે. જીવન દ્વારા સનાતન ચેતનાને યથાર્થ રીતે પ્રગટ કરવી એ જ સનાતન-જીવન છે. ઉત્ક્રાંતિ એ જ પ્રકૃતિનો સ્વધર્મ છે.

His being lay down in bright immobile peace
And bathed in wells of pure spiritual light;
It wanted in wide fields of wishdom self
Lit by the rays of an everlasting Sun.

આ જે સનાતન-જીવન છે તેનું આંતરિક-સ્વરૂપ શું છે ? શ્રી અરવિન્દ જણાવે છે કે જ્યારે આપણે સનાતન-જીવન જીવતા હોઈએ છીએ ત્યારે સાધકને પોતાની ચેતના અસીમ બની, પ્રકાશમય થઈ, અચલ સ્થિતિમાં સર્વત્ર પથરાએલી લાગે

છે. બધી જ ચીજવસ્તુઓ, વ્યક્તિઓમાં તે ઓતપ્રોત હોઈને બહાર પણ ફેલાએલી હોય છે. તે નથી એવી ખાલી જગ્યા દેખાતી નથી. હૃદયની આંખે આ વસ્તુ પ્રત્યક્ષ દેખાતી હોય છે અને એવી ચેતનાનાં દર્શન કરતી વખતે સાધકને તે પોતાની જ ચેતના લાગે છે અને એક પ્રકારની અખંડ શાંતિ અને સમતાનો ભાવ વિલસતો હોય છે. અશ્વપતિને લાગ્યું જાણે પોતે તેવી ચેતના પ્રદેશમાં પોતે પગલું માંડ્યું છે. અશ્વપતિની ચેતના જાણે તે ચેતનાનાં પ્રકાશમાં ભીંજાઈ રહી હતી ! તે પ્રકાશ શુદ્ધ આધ્યાત્મિક - આત્માનો પ્રકાશ હતો, ચેતનાનો પ્રકાશ હતો. તે આત્મ-પ્રકાશને અસીમતામાં જ (Wide field) રહેવાની ટેવ હતી. તેને આત્માનાં દિવ્યજ્ઞાનનાં પ્રદેશમાં જ ફેલાવું ગમતું, રમવું ગમતું હતું. તે એવો પ્રદેશ હતો જ્યાં પેલી સનાતન - ચેતનાનો સૂર્ય તપતો હતો. આત્મતત્ત્વ ત્યાં પ્રગટ રીતે રહેતું હતું અને મુક્ત રીતે કાર્ય કરતું હતું. તેનો પૂર્ણપ્રભાવ સમગ્ર વાતાવરણને ઘેરી લેતો હતો.

Even his body's subtle self within
Could raise the earthly parts towards higher things
And feel on it the breath of heavenlier air.

તે વાતાવરણ એટલું તો પ્રભાવી હતું કે શરીરનાં કોષોમાં રહેલી કોષગત-ચેતનાએ દરેક શારીરિક કોષનાં ભૌતિક તત્ત્વોને પણ ઊર્ધ્વ-ચેતનાને ધારણ કરવાની અભીપ્સા સેવતાં કર્યાં હતાં અને તેને કારણે પરમ-ચેતનાનો સ્પર્શ પોતે અનુભવી શકતાં હતાં. પરમ-શક્તિને પોતામાં રમતી, કાર્ય કરતી અનુભવી શકતાં હતાં. આ અનુભવ તદન નક્કર અર્થાત્ ભૌતિક-સ્વરૂપનો જ હતો.

Already it journeyed towards divinity;
Upbuoyed upon winged winds of rapid joy,
Upheld to a light it could not always hold,
It left mind's distance from the Truth Supreme
And lost life's incapacity for bliss.
All now suppressed in us began to emerge.

આ બધાં શારીરિક - કોષોએ તો દિવ્યતા ધારણ કરવાની શરૂઆત ક્યારની કરી દીધી હતી અને તેને કારણે તેઓમાં તીવ્ર આનંદ (rapid Joy)ની લહેરો ઊઠી

રહી હતી. જાણે આ તીવ્ર આનંદની પાંખો ફૂટી હતી અને તેની મદદથી કોષો વધારે ને વધારે ઊર્ધ્વ ચેતનાનાં પ્રદેશમાં ઉપર ઊડી રહ્યાં હતાં (upbouyed). આ ઊર્ધ્વારોહણને કારણે તેઓ જે દિવ્યાનંદને પોતે ધારણ કરી જ શકતાં નહોતા, તેને પણ ધારણ કરવા લાગ્યાં હતાં. પહેલાની અક્ષમતાને જાણે વટાવી ચૂક્યાં હતાં. પહેલાં પોતાના જડ તમોગ્રસ્ત ભૌતિક-મનને કારણે જે પરમ-સત્યને ધારણ કરવામાં મુશ્કેલીઓ ઊભી થતી હતી તે હવે હળવી થતી જઈ રહી હતી. મન અને પરમ-ચેતના વચ્ચેનું અંતર જાણે ઘટી ગયું હતું ! જીવન જે આનંદને ધારણ કરવા અક્ષમ હતું, તે જ જીવન હવે પેલા દિવ્ય-પ્રભાવને કારણે ધીમે ધીમે આનંદને ધારણ કરતાં શીખી રહ્યું હતું. અશ્વપતિને લાગ્યું કે માનવમાત્રમાં જે બીજરૂપે દબાઈને પડેલું હતું, તે સર્વ હવે ઉપરના સ્તરે પ્રગટ થવા લાગ્યું હતું; તે જીવનમાં પ્રવેશવા લાગ્યું હતું.

આવી રીતે અશ્વપતિ ઉપરનાં અચિત્‌નો પ્રભાવ ઘટવાની શરૂઆત થવા લાગી અને તેને સનાતન-જીવનનો ખ્યાલ આવવા લાગ્યો.

Thus came his soul's release from Ignorance.
His mind and body's first spiritual change.
A wide God-knowledge poured down from above.
A new world-knowledge broadened from within:
His daily thoughts looked upto the True and One.
His commonest doings, welled from an inner Light.

આવી રીતે અશ્વપતિની ચેતનાની અચિત્‌નાં પ્રભાવમાંથી મુક્તિનો પ્રારંભ થઈ ચૂક્યો હતો અને તેનાં મન અને શરીરમાં પ્રથમ જ સાચા અર્થમાં આધ્યાત્મિક ફેરફાર થવાની શરૂઆત થઈ હતી. આને શ્રી અરવિન્દ રૂપાંતરની પ્રક્રિયા Transformation કહે છે. તેના ત્રણ તબક્કા વર્ણવેલાં છે, જે પૈકી આ પ્રથમ તબક્કાને તેઓ "Psychic - tranformation" અર્થાત્ ચૈતસિક રૂપાંતર કહે છે. તેમાં સાધકનાં મન, પ્રાણ અને શરીર અર્થાત્ આધાર ઉપર ચૈતસિક-પ્રભાવ પડીને તેઓ ચૈત્યપુરુષના સંકલ્પાનુસાર પોતાનો ઘાટ ધારણ કરતાં થાય છે. તેના વાહક અને તેના આવિર્ભાવનાં સાધનો બનતાં જાય છે.

પ્રજ્ઞા-શક્તિ જાગૃત થવાથી ઊર્ધ્વ-ક્ષેત્રમાંથી દિવ્યજ્ઞાનની ધારાઓ ચિત્તમાં પ્રવેશતી હોય છે અને વિનાપ્રયાસે, અનપેક્ષિત રીતે, અચાનક તે જ્ઞાન મળતું હોય

છે એવું સાધકને લાગે છે. જાણે કોઈ તેમનો હિતેચ્છુ અદૃશ્ય રહીને તેમની સાધનામાં મદદ કરી રહ્યો છે. ઘણી વખત તે પ્રજ્ઞા-જાગરણનું પરિણામ હોય છે. આ આંતરપ્રેરણાથી તન અલગ અને જોડાણ વગરના જ્ઞાનના ટુકડાઓ વચ્ચેની ખાઈ ભરાઈને તે સળંગ વિશાળ જ્ઞાન બનતું લાગે છે, જે જગતની બધી જ ઘટનાઓનું સ્પષ્ટીકરણ આપી શકે છે અને પ્રભુ બાબતની સાચી સમજણ વિકસાવી શકે છે (Wide God-knowledge) એવી જ જગત બાબતના વૈજ્ઞાનિક-જ્ઞાન બાબત થાય છે. અલગ-અલગ વિજ્ઞાનનાં અલગ-અલગ નિયમો વચ્ચે કોઈ સંબંધ સ્થપાઈને એક જ સિદ્ધાંત બધે કાર્ય કરતો લાગે છે. આ વસ્તુ પણ બાહ્ય પ્રયોગ દ્વારા નહિ, પણ આંતરિક - પ્રેરણાઓથી થતું હોય છે (World-knowledged broadened from within)

જીવનમાંની બધી જ ઘટનાઓ પણ તેને પેલા 'એકમેવાદ્વિતીયમ્' નું જ ભાન કરાવે છે. જીવનની દરેક પળ સાધનામય બની જાય છે અને જીવનમાંનાં બધાં જ કાર્યોને એક ઊંડો અર્થ સાંપડે છે, આધ્યાત્મિક આધાર મળે છે. આંતર-પ્રકાશથી સમજણ વધારે સ્પષ્ટ અને વિશાલ બનતી જાય છે.

Awakened to the lines that Nature hides,
Affaned to her movements that exceed our ken,
He grew one with a covert universe.

નિસર્ગ અથવા પ્રકૃતિ એવી છે જેનો બહુ જ ઓછો દૃશ્યભાગ આપણે જોઈ શકીએ છીએ. તેનો વધારે ભાગ તો અદૃશ્ય અને આપણાથી અજાણ રહે છે. કોઈ સમુદ્રમાં તરતા હિમનગ જેવી સ્થિતિ હોય છે. પણ પ્રજ્ઞાની ક્ષમતા આ ગૂઢ જગતને પણ આવરી લેતી હોવાથી તેની દ્વારા આ ગૂઢ જગતનાં નિયમો અને તેની રચના વિષેનું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે અને તે નિયમોમાં રહીને તે જગતમાં કેમ કાર્ય કરાય તેની ક્ષમતા વિકસાવી શકાય છે. આ બાબત આપણા ભૌતિક શરીરની ભૌતિક-ચેતનાનાં ક્ષેત્ર બહારની હોવાથી (exceed our ken) અત્યાર સુધી શક્ય નહોતી પણ હવે તે પણ શક્ય બની જાય છે. આ જે ગુપ્ત (covert) જગત છે તે પણ તેના કાર્યનું ક્ષેત્ર બનતું જાય છે.

His grasp surprised her mightiest energies springs;
He spoke with the unknown Guardians of the world,

Forms he desired our mortal eyes see not.

તેની સમજણ-શક્તિની ક્ષમતા એટલી વધી ગએલી હોય છે કે તેનું તેને જ આશ્ચર્ય થાય છે. કારણ તે પ્રકૃતિની અતિભવ્ય અને પ્રચંડ વૈશ્વિક-શક્તિઓનાં પણ મૂળસ્રોતને જાણતો થાય છે અર્થાત્ તે અખંડ સ્રોતમાંથી પોતે કેવી રીતે શક્તિ મેળવવી તેની પદ્ધતિ તે જાણી ચૂક્યો હોય છે. તેણે પ્રજ્ઞાને જાગૃત કરી હોવાથી તે ગૂઢ જગતનાં સંરક્ષકો, જે અનધિકૃત લોકોને તે જ્ઞાન આપતા જ નથી; તેઓ હવે સ્વખુશીથી આ સાધકને પોતાના જગતનાં ગૂઢ-રહસ્યો જણાવે છે. તેઓ જાણતા હોય છે કે આ પ્રભુના લાડલાને અધિકાર આપવાનું પ્રભુએ જ ઠરાવ્યું છે, તેથી તેઓ પણ સાધકની જિજ્ઞાસાને સંતોષે છે; એટલું જ નહિં તે ગૂઢ જગતનાં અવનવા દર્શનો તેને થતાં હોય છે (desiried), જે નરી આંખે આપણે જોઈ શકતાં નથી.

His wide eyes bodied viewless entities,<br>
He saw the cosmic froces at their work<br>
And fell the occult impulse behind man's will.

નરી આંખે ન દેખાતી વસ્તુઓનાં આકાર તેની તે દિવ્યક્ષમતા ધરાવતી આંખો જોવા માંડે છે. વૈશ્વિક-શક્તિઓ કેવી રીતે જગતને ઘાટ આપવા મથી રહી છે, તે પણ તે બરાબર સમજતો હોય છે અને તે અનુસાર પોતાનાં કર્મોને અનુકૂળ રીતે ગોઠવતો હોય છે અને કોઈ માનવ ખાસ આ રીતે જ શા માટે વર્તી રહ્યો છે અથવા વિચારી રહ્યો છે, તેની પાછળ રહેલી ગૂઢ-પ્રેરણાઓને અને શક્તિઓને પણ તે ઓળખતો થાય છે.


**યોગયુક્તા પ્રકાશનનાં ભાવિ પ્રકાશન માટે અપીલ**

**સાવિત્રીશબ્દામૃત ભા. ૧-૨**

(શ્રી શ્રદ્ધાવાનના The English of Savitriનો ભાવાનુવાદ **'સાવિત્રી શબ્દામૃત'**)

**ડેમી સા. ભાગ - ૧ - પૃષ્ઠ સંખ્યા ૩૦૦ (વિષય : સાવિત્રી બુક-૧ કેન્ટો ૧-૨)**

**ભાગ - ૨ - પૃષ્ઠ સંખ્યા ૩૫૦ (વિષય : બુક-૧ કેન્ટો ૩-૪-૫)**

ભાવાનુવાદ શ્રી કિરીટભાઈ ઠક્કરની સહુએ સર્વ પ્રકારે સહભાગી થવાની જાહેર અપીલ.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

# ધર્મ અને યોગ

(ભા.-૧, પૃ.૧૫૧-૧૬૯)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ આધ્યાત્મિક, ધાર્મિક અને સામાન્ય જીવન એ ત્રણે ભિન્ન વસ્તુઓ છે. સામાન્ય જીવન એટલે..... મન, પ્રાણ, શરીરની સામાન્ય ટેવોનું જીવન જે અવિદ્યાના નિયમોથી શાસિત છે. ધાર્મિક જીવન અજ્ઞાની માનવ ચેતનાનો પ્રભુ પ્રત્યે જવાનો પ્રયત્ન છે. તે આધ્યાત્મિક જીવનનો પ્રથમ અભિગમ બની રહે..... આધ્યાત્મિક જીવન ચેતનાનો મહત્તર ચેતનામાં પ્રવેશ બની જાય છે, જેમાં તે સાચા આત્માને ઓળખે છે. પ્રભુના જીવંત સંપર્ક અને ઐક્યમાં આવે છે. પૃ.૧૫૧

૨ નૈતિકતા એ સામાન્ય જીવનનો ભાગ છે. તેમાં બાહ્ય- જીવનને મનોમય આદર્શોથી બદલવામાં આવે છે. પૃ.૧૫૧

૩ આધ્યાત્મિક વ્યક્તિ પ્રભુની ઈચ્છા પૂર્ણ કરવા જીવનમાં કોઈ પણ ક્ષેત્રમાં કાર્ય કરે છે. તેને સત્યના આંતરિક સ્રોતમાંથી માર્ગદર્શન મળે છે. પૃ.૧૫૨

૪ પૂજાને ધ્યાનના એક ભાગ તરીકે કરવામાં આવે તો તે આધ્યાત્મિક રીતે અસર કરે છે. પૃ.૧૫૨

૫ મન, પ્રાણ, શરીર આધ્યાત્મિક જીવન માટે યોગ્ય બને માટે દિવ્યબળની પાસે માગણી કરી શકે છે. પૃ.૧૫૩

૬ ધર્મ કાયમ અપૂર્ણ હોય છે, કારણ તે અજ્ઞાની રીતથી નિમ્નપ્રકૃતિનું ઊર્ધ્વીકરણ કરવા પ્રયત્ન કરે છે. પૃ.૧૫૩

૭ ભારતના આધ્યાત્મિક ઈતિહાસને એક દિવ્ય હેતુના સતત વિકાસ તરીકે

હું ગણું છું. પૃ.૧૫૩

૮ ધર્મ શાશ્વત અને અપરિવર્તનશીલ છે તો એ વસ્તુ સ્વીકારી ન શકાય. પૃ.૧૫૪

૯ આંતરિક આધ્યાત્મિક કારણોસર જ તેમાં (ધર્મમાં) ફેરફાર થઈ શકે. પૃ.૧૫૪

૧૦ લક્ષ્ય તરફ પ્રગતિ કરવા માટે વૈરાગ્ય ચોક્કસ એક માર્ગ છે. પૃ.૧૫૫

૧૧ આધ્યાત્મિક ચેતના દ્વારા કર્મનો નિયમ ઉચ્ચતર છે તે પ્રભુ સાથેની એકતા ઉપર રચાએલો છે. તેમાં પ્રભુના સંકલ્પની આધીનતા છે. પૃ.૧૫૯

૧૨ પ્રાર્થનાઓ પ્રભુ સાથેનો સાચો સંબંધ સ્થાપિત કરે છે. પૃ.૧૫૯

૧૩ કુટુંબ, સમાજ, દેશ એ બધા મોટા અહં છે. તે પ્રભુ નથી. પૃ.૧૬૦

૧૪ જો વ્યક્તિનું લક્ષ્ય આધ્યાત્મિક હોય અને આંતરિક જીવન અને પ્રાણનો ભાગ તેને સ્વીકારે તો તે અંદરથી જ શક્તિઓ ખેંચી લે છે (અને સાધના કરે છે.) પૃ.૧૬૧

૧૫ માનવજાતને ઉપયોગી થવાનો ખ્યાલ પશ્ચિમનો છે. પૃ.૧૬૩

૧૬ આપણે 'માનવજાતિનો' યોગવાળા દૃષ્ટિબિંદુથી 'પ્રભુ માટેના' યોગવાળું દૃષ્ટિબિંદુ તરફ આગળ વધ્યા છીએ. પૃ.૧૬૫

૧૭ પ્રભુનો વિજય પહેલા પોતાની અંદરનો વિજય પ્રાપ્ત કરવો પડે છે. પૃ.૧૬૬

૧૮ આપણે જીવન જેવું છે તેવું જ સ્વીકારતા નથી. (તેમાં ફેરફાર લાવીએ છીએ) પૃ.૧૬૭

૧૯ આપણે આપણી અંદર દેવત્વવાળા માનવીની રચના ન કરીએ ત્યાં સુધી જૂના ગોટાળા ચાલુ રહેશે. પૃ.૧૬૭

ત્રણ પ્રકારના જીવન હોય છે- સામાન્ય, ધાર્મિક અને આધ્યામિક. સામાન્ય-જીવનમાં આપણે મન, પ્રાણ, શરીરની ટેવો મુજબ જીવન જીવીએ છીએ. જીવન અવિદ્યાથી જ શાસિત હોય છે. ધાર્મિક-જીવનમાં આપણે સામાન્ય-જીવનમાંથી પ્રભુ તરફ વળવાનો પ્રયત્ન કરીએ છીએ. સામાજિક, ધાર્મિક રૂઢિઓનું પાલન

કરીએ છીએ. નૈતિક જીવન જીવવાનો પ્રયત્ન કરીએ છીએ. ચારિત્ર્યનું ઘડતર કરીએ છીએ.

આ બન્ને જીવન સામાન્ય જીવનની જ બે ગતિઓ છે. આધ્યાત્મિક જીવનમાં આપણે ચેતનાનું પરિવર્તન કરી પ્રભુનો આંતરિક સ્પર્શ મેળવવા, તેની સાથે એકરૂપ થવાનો પ્રયત્ન કરીએ છીએ.

ત્રણે જીવન એકબીજામાં ભળી ગયેલાં જ દેખાય છે.

આધ્યાત્મિક જીવનમાં પ્રભુના આદેશ મુજબ જ કાર્ય કરવા આપણે પ્રેરાઈએ છીએ. આંતરિક સત્યના સ્રોતમાંથી જ પ્રભુનો આદેશ સંભળાય છે.

ધાર્મિક પૂજાને જો આપણે ધ્યાનનો પ્રકાર બનાવીએ તો તે આધ્યાત્મિક-જીવન માટે પોષક બને છે. ધર્મ આધ્યાત્મિક-જીવનની તૈયારી રૂપ બને છે.

ધર્મમાં પ્રભુની ભક્તિથી જીવનની જરૂરિયાતોની માગણી કરવામાં આવે છે. ધાર્મિક-જીવન વિકસતા તેવી માગણીઓ ન સંતોષાય તો પણ ધાર્મિક શ્રદ્ધા ટકાવી રાખવામાં આવે છે.

અધ્યાત્મમાં મન, પ્રાણ, શરીરને આધ્યાત્મિક-જીવનને યોગ્ય બનાવવા માટે માગણી કરવાની છૂટ છે. તે પ્રભુ સાથેનો વ્યક્તિગત સંબંધ દૃઢ કરવામાં મદદરૂપ થાય છે. સાચી ગહન ધાર્મિકતા જ ચેતનાની આંતરિક સપાટીઓ ઉપર પરિવર્તન લાવે છે. સાધારણ રીતે તે બાહ્ય સપાટી ઉપરના પરિવર્તનમાં જ સંતોષ માને છે.

શ્રી અરવિન્દના મતે હિન્દુ ધર્મ એક વિશાળ ભવ્ય મંદિર જેવું છે, જેના ઘણા ભાગો ખરી પડ્યાં છે; છતાં તેમાં સાચી ભાવનાથી પ્રવેશ મેળવશો તો હજી પ્રભુની હાજરીને અનુભવી શકાય છે.

ભારતનો આધ્યાત્મિક - વિકાસ એક દિવ્ય-હેતુના અખંડ વિકાસસ્વરૂપ છે. તેથી ઉપનિષદો કે ગીતા પણ તેનો અંતિમ શબ્દ બની શકતો નથી. હજી તે વિકાસ આગળ ચાલવાનો જ છે.

ધર્મ આ વસ્તુ તેથી સતત પરિવર્તનશીલ જ રહેવાની છે, જો તેને અધ્યાત્મ સાથે સંબંધ જાળવી રાખવો હોય તો. સનાતન ધર્મ એટલે સનાતન વિકાસ પામતો ધર્મ ન કે અપરિવર્તનશીલ નિશ્ચિત ધર્મ. તેમાં આધ્યાત્મિક વિકાસ અનુસાર ફેરફારો આવે જ છે. અવતારનું તે જ કાર્ય છે.

ધર્મમાં વૈરાગ્યનું સ્થાન મહત્ત્વનું છે. અનાસક્તિ વિકસાવવા, સમતા વિકસાવવા તેની જરૂર પડે છે. પણ તામસિક વૈરાગ્ય જે હારેલા જીવનની હતાશામાં

આવે છે તેનો ઉપયોગ નથી. યોગ તરફ વળવામાં વૈરાગ્ય મદદરૂપ થઈ શકે છે. સાત્ત્વિક વૈરાગ્ય મદદરૂપ છે. પતંજલિના યમ્, નિયમ, બુદ્ધનો અષ્ટાંગ યોગ આ બધાં સાત્ત્વિક વૈરાગ્યને વિકસાવે છે પણ તે નૈતિક કરતા આધ્યાત્મિક હોવો જરૂરી છે, જેથી આધ્યાત્મિક રીતે કર્મો થાય. પ્રભુની આજ્ઞાથી, પ્રભુના કરણ તરીકે કાર્ય કરવું એ જ આધ્યાત્મિક - કર્મ છે. આ વિકાસ ક્રમશઃ થાય છે. પ્રથમ પ્રભુને સમર્પિત ભાવથી કર્મ થાય છે અને અંતે ઋત્-ચેતના, અતિમનસ ચેતનામાં પ્રભુ સાથેના એકરૂપતાથી થાય છે.

પ્રાર્થનાઓ પણ પ્રભુ સાથે સંપર્ક જોડવામાં મદદરૂપ થાય છે.

પરોપકાર અને સમાજસેવા એ અધ્યાત્મ સાથે સંબંધિત નથી. કુટુંબ, સમાજ, દેશ આ મોટા અહંકાર માત્ર છે. અધ્યાત્મ ત્યારે જ સમાજસેવાનું રૂપ લે જ્યારે યોગીને તેવો પ્રભુનો આદેશ સંભળાયો હોય અથવા તે કરતી વખતે પ્રભુના કરણ તરીકેનો ભાવ અનુભવાય. અધ્યાત્મ માટે સંન્યાસ જરૂરી નથી. પણ સામાન્ય જીવનની કામનાઓનો ત્યાગ જરૂરી છે. ષડ્‌રિપુનો ત્યાગ જરૂરી છે. કામ-ક્રોધ, લોભ-મોહ, મદ-સત્સર વગેરે ત્યાગવાં જરૂરી છે.

-માનવજાતને ઉપયોગી થવું એ યુરોપિયન ખ્યાલ છે. આપણે ભૂતમાત્રના જેમાં માનવ, પશુ, પક્ષી અને નિસર્ગ આવી જાય છે તેમના આધ્યાત્મિક-કલ્યાણમાં માનીએ છીએ (સર્વભૂતહિતે રતાઃ)

સારાંશ, આપણો યોગ માનવજાતિ માટે નથી તે પ્રભુ માટેનો યોગ છે.

નીરવબ્રહ્મનો સાક્ષાત્કાર આપણને નિશ્ચિત કાર્યની પ્રેરણા આપતો નથી, તેથી આપણા માટે તે અધૂરો છે. પ્રભુના વિજય માટે પ્રથમ આંતિરક વિજય જરૂરી છે.

આપણે જીવનનો યોગમાં સ્વીકાર કર્યો છે તે જેવું જીવન છે તેવું જ નહિ પણ તેને દિવ્ય-જીવનમાં પલટાવીને સ્વીકારવાનું છે. બાહ્ય-જીવન પણ દિવ્ય બનવું જરૂરી છે.


Sponsorship

This issue is sponsored by

**RAVINDRA & TARLIKA PATEL OF U.S.A. to celebrate the marriage of their son Abhay with Nupa.**

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## વૈદિક દેવો

# પવમાન વાજિન્ અને ઈશ્વર

પ્રકરણ - ૨૧ (ગતાંકથી ચાલુ)

પવમાનને પ્રવહમાન્ પણ કહે છે.

ભૌતિક અગ્નિ, સોમ, વાયુ, આદિત્ય, પ્રાણ; આ બધાં જ પવિત્ર કરનાર હોવાથી પવમાન છે, પાવન કરનાર છે.

પવમાનની જેમ સોમ પણ દ્યુલોક અને અંતરિક્ષમાંથી પૃથ્વી તરફ પ્રવાહિત થાય છે. પવમાના દિવસ્પર્યન્તરિક્ષાદસ્તૃક્ષત પૃથિવ્યા અધિ સાનંવિ (ઋ ૯.૬૩.૨૭)

વાયુ પણ પવમાન છે તે હરિતઃ દિશઃ પવમાનઃ વાયુઃ આવિવેશ આવિષ્ટઃ (ઋ ૮-૧૦૧-૧૪ સાભા)

હરિત એટલે વાયુ તે દિશાઓમાં ફેલાઇ તેમને પવિત્ર કરે છે તેથી ઐતરેય આરણ્યક લખે છે કે વાયુરેવ પવમાનો દિશો હરિત આવિષ્ઠ (૨.૧૧) અયં વાવ યઃ (વાયુ) પવતે સ પવમાનઃ (કાઠ સં. ૨૦-૧૦) વાયુ વહેવાથી પોતે પવિત્ર રહે છે.

અગ્નિ, વાયુ સાથે આદિત્યને પણ પવમાન કહ્યો છે. ત્રયો હવા એતે સમુદ્રા યત્ પવમાનાઃ (અગ્નિર્વાયુરસાવાદિત્યઃ) (જૈ મિ. બ્ર. ૧.૨૭૪) સમુદ્રાનો અર્થ અહીં તેમના વૈશ્વિક સ્વરૂપો લેવાં એમ સૂચવ્યું છે. પ્રાણને પણ પવમાન ગણ્યો છે.

પ્રજા વૈ હરિતઃ। તા અયં પ્રાણઃ પવમાન આવિષ્ટઃ (જૈમિ બ્રા ૨.૨૨૯) પ્રજા પણ શ્વાસ ઉપર જીવે છે તે શ્વાસ દ્વારા પ્રાણ તેમને પવિત્ર કરે છે.

પવમાન - પવમાન (પવિત્ર કરનાર શક્તિ) દ્યુલોકથી અંતરિક્ષ લોક અને ત્યાંથી પૃથ્વીલોક તરફ વહે છે. (પવમાના દિવ સ્પર્યન્તરિક્ષાત્ સૃક્ષત। પૃથિવ્યા અધિ સાનવિ (ઋ ૯.૬.૬.૨૭)

દેવતાઓમાં જે શ્રેષ્ઠ દેવતાઓ છે તે વ્યક્તિના આધ્યાત્મિક-વિકાસમાં રસ

ધરાવે છે અને બાકીનાં વિકાસોને તેને અનુકૂળ કરે છે. પણ નિમ્નદેવતાઓ પછી અધ્યાત્મ કરતા અન્ય વિકાસોને મહત્ત્વ આપી ભક્તોની ઇચ્છા મુજબ તેને સંતુષ્ટ કરે છે.

અધ્યાત્મની વ્યાખ્યા મુજબ જે આત્મા સંબંધિતને જાણવા, અનુભવવા, પ્રાપ્ત કરવા જે કાંઇ કરવામાં આવે તેને અધ્યાત્મ કહે છે. અધિ એટલે સંબંધિત અને આત્મ એટલે આત્મા સાથે સંબંધિત (તસ્માત્મૈવ તત્સર્વં યદ્યય. ભક્તિઃ પ્રકીર્ત્ય તે (બૃહ.૧.૭૩)

**વાજિન્ (ક્ષમતા)**

ઇન્દ્રિયોને પોતાની ખાસ ક્ષમતા છે તેથી તે વાજિન્ છે. (ઇન્દ્રિયં વૈ વીર્યં વાજિનમ્ (ઐત બ્રા ૧.૧૩) અશ્વો પણ પોતાની શક્તિ હોવાથી તેને વાજિન્ કહેવાય છે. અગ્નિ, વાયુ અને સૂર્ય પણ વિશિષ્ટ ક્ષમતા ધરાવે છે તેથી વાજિન્ છે. (અગ્નિર્વાયુઃ સૂર્યઃ તે વૈ વાજિનઃ (તૈતિ બ્રા ૧.૬.૩.૯) ગાય, અશ્વ, પુરુષ જ્યારે અન્ન ખાય છે ત્યારે બધાં પણ વાજિન્ બને છે. (આ રશ્વઃ પુરુષોઽન્નસ્ય સુહિતો ભવતિ અથ સ વાજિ ભવતિ (જૈમિ બ્રા ૩.૨૯૯)

સારાંશ, વસ્તુમાત્રમાં પવિત્રતા આપવાની અને અમુક ખાસ ગુણધર્મો (વાજિન્)ની ક્ષમતા હોય છે, કારણ બધામાં તે પરમ-ચેતના વસેલી છે.

સારાંશ, દેવોનું કાર્ય ચેતનાનો આધ્યાત્મિક-વિકાસ કરવાનો છે તેથી પરમ ચેતના વધુ ને વધુ સારી રીતે પ્રગટ થવા લાગે છે અને પ્રભુનો સંકલ્પ સિદ્ધ થાય છે. સારાંશ, પરમ - ચેતનાના આવિર્ભાવ માટે આધ્યાત્મિક જ્ઞાન જરૂરી સાધન છે.

દેવોમાં જે શક્તિ અને ક્ષમતા છે તેને 'ઈશ્વર' કહે છે. આ રીતે જોતાં દરેક દેવ ઈશ્વરનું સ્વરૂપ છે. અથર્વવેદનું સૂક્ત ૧.૧૯ના દેવતા ઈશ્વર ગણાવેલાં છે પણ મંત્રોમાં ક્રમશઃ દેવગણ જ છે અર્થાત્ આ બધાં જ ઈશ્વરનાં સ્વરૂપો છે એમ જણાવેલ છે. પાછળથી ઈશ્વર શબ્દ પરમેશ્વર, પરમ-ચેતના માટે જ વપરાવા લાગ્યો.

અથર્વવેદના નીચેના મંત્રમાં પણ વિવિધ દેવોને ઇશ્વર કહ્યાં છે.

નમસ્કૃત્ય દ્યાવાપૃથિવી ભ્યા મંતરિક્ષાય મૃત્યવે। મેક્ષામ્યૂર્ધ્વસ્તિષ્ઠન્ મા મા હિંસિષુરીશ્વરાઃ (અર્થવ ૭.૧૦૭.૧) સાયણે ઇશ્વરનો અર્થ સ્વામિનાઃ લીધો છે. સ્વામિ એટલે માલિક, સત્તાધીશ.

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૧૪

(પૃ.૧૦૬-૧૦૭)

## પૂર્ણયોગમાં રૂપાંતરનો અર્થ

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1. It aims not at a *departure out of world and life into Heaven or Nirvana, but a change of life and existence... as a distinct and central object. P. 109*
2. *(In the old Yoga*s) *the ascent is the real thing. Here the ascent is the first* step), *but it is a means for the descent. P. 109*
3. *It is the descent of the new consciousness that is the stamp and seal of the Sadhana. P. 109*
4. The *object sought after is not an individual achievement of divine realisation for the sake of individual, but something to be gained for the earth consciousness here, a cosmic, not solely a supra- cosmic achievement. P. 109*
5. *The thing to be gained... is... a power of conscienceness (the Supramental) not yet... active directly in earth-nature. P. 109*
6. *The method... is total and integral. P. 109*
7. *The aim set before it... the total and integral change of the consciousness and nature. P. 109*
8. *The old methods only as a part action and present aid to others that are distinctive. P. 109*

જૂના યોગો સાથે શ્રી અરવિન્દનાં પૂર્ણયોગની તુલના કરીએ તો તેમના કરતાં નીચીનાં વિશેષ તત્ત્વો પૂર્ણયોગમાં જણાય છે –

૧. તે જગતમાંથી અને જીવનમાંથી નિવૃત્તિ લઈને અલગ થઇ જવાની ભાવના સેવતો નથી. અમુક યોગોમાં સંન્યાસ અને વૈરાગ્યનું અતિ મહત્ત્વ છે. અમુકમાં જન્મમરણના ફેરામાંથી મુક્તિ એ ધ્યેય રાખેલું છે. પૂર્ણયોગ આંતરિક સંન્યાસ અને વૈરાગ્ય ઉપર ભાર મૂકે છે, બાહ્ય સંન્યાસ ઉપર નહીં. બીજું,

પૂર્ણયોગનું ધ્યેય જન્મમૃત્યુના ફેરામાંથી છટકવાનું નથી પણ પોતાના તદ્દન ભૌતિકકક્ષા સુધીનાં સ્તરો પ્રભુનો પૂર્ણ રીતે આવિર્ભાવ કરવાનો છે. જન્મમરણનો ફેરો તેથી સ્વૈચ્છિક બની જાય છે. જેણે તેણે પોતાની પ્રકૃતિનુસાર તે પછી નિર્ણય લેવાનો છે, તેથી નિર્વાણ અવસ્થા એ પૂર્ણયોગની કાંઇ અંતિમ કક્ષા ગણાતી નથી પણ અપરાપ્રકૃતિની ક્રિયાઓ બંધ પડવી અને નીરવતા પ્રાપ્ત કરવી આ એક જરૂરી મધ્યગામી અવસ્થા ગણાય છે.

૨. આમાં ભૌતિક-જીવન અભૌતિક-જીવન કરતાં કનિષ્ઠ અને નિમ્ન-કક્ષાનું છે એવો ભાવ જરા પણ નથી. ઊલટું, ભૌતિક-જીવનમાં જ ઉપરના જીવનનાં વિવિધ સ્તરોને પૂર્ણતા બક્ષી શકાય છે અને તેમનો સર્વાંગપૂર્ણ સાક્ષાત્કાર કરી શકાય છે એવું પૂર્ણયોગ માને છે. ભૌતિક-તત્ત્વમાં જીવનની બધી જ કક્ષાઓ ગુપ્ત બીજ તરીકે રહેલી છે. તેમને વિકસાવીને બધી જ કક્ષાઓના જીવનને પૂર્ણતા બક્ષવાની છે. તેમને એકબીજા સાથે પૂર્ણ સંવાદમાં ગોઠવી દેવાનાં છે, તેથી પૂર્ણયોગ જીવન પ્રત્યે પણ વિમુખ નથી. તે જીવનમાંથી છટકવા નથી માગતો, પણ તેમને દિવ્ય-પૂર્ણતા બક્ષવા માંગે છે. તેથી ભૌતિક-જીવન કેન્દ્રિય-મહત્ત્વ ધરાવે છે, ગૌણ નહીં.

૩. અન્ય યોગોમાં ચેતનાનું ઊર્ધ્વગમન મહત્ત્વનું છે. ઊર્ધ્વચેતનાને પ્રાપ્ત કરવું મહત્ત્વનું છે. તે પછીનું અવતરણ થાય તો તે તેને એક ગૌણ પરિણામ ગણવામાં આવે છે. પૂર્ણયોગમાં ચેતનાનું ઊર્ધ્વગમન અથવા આરોહણ એ પ્રથમ જરૂરિયાત છે, જેથી પૂર્ણયોગ માટે અત્યંત જરૂરી એવું ઊર્ધ્વ-ચેતનાનું અવતરણ શક્ય બને. તે અવતરણ નવી ચેતનાનું હોય છે જે અત્યાર સુધી ભૌતિક-જીવન દ્વારા પ્રગટ જ થતી નહોતી અથવા પાછળ રહીને કાર્ય કરી રહી હતી. પૂર્ણયોગમાં અતિમનસશક્તિનું અવતરણ મહત્ત્વની બાબત છે તે જ ભૌતિક તત્ત્વનું રૂપાંતર કરવા સક્ષમ છે.

૪. પૂર્ણયોગમાં જીવનને પૂર્ણતા બક્ષવાનું ધ્યેય છે. અન્ય યોગોની જેમ જીવનના બંધનમાંથી મુક્ત થવાનું ધ્યેય નથી.

૫. પૂર્ણયોગમાં વ્યક્તિનો દિવ્ય-સાક્ષાત્કાર મહત્ત્વનો નથી, પણ તે દ્વારા પાર્થિવ-જીવનમાં જે દિવ્યતા તે સાક્ષાત્કાર દ્વારા મેળવવામાં આવે છે તે મહત્ત્વનું છે. સમગ્ર પૃથ્વીની પાર્થિવ-ચેતના દિવ્ય કરવી એ વૈશ્વિક-કાર્યને આમાં મહત્ત્વ આપેલું છે, જેથી તેમાં તે દિવ્ય-શક્તિ સીધે સીધી કાર્ય કરી શકે.

૬. પૂર્ણયોગનું ધ્યેય વધારે પૂર્ણ અને સમન્વયકારી છે. તે ફક્ત પાર્થિવ-જીવન કે પ્રાણમય-જીવન કે મનોમય કે ચૈતસિક કે આધ્યાત્મિક-જીવનને જ પૂર્ણતા બક્ષવા માગતું નથી પણ તે બધાંને જ પૂર્ણતા બક્ષી વધારામાં તેમને સુસંવાદમાં ગોઠવી પણ દેવા માગે છે,

૭. તે જૂના યોગોની (જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ, રાજયોગ તથા તંત્ર)ની અમુક સાધના-પદ્ધિતઓનો જરૂર ઉપયોગ કરે છે પણ તે પૂર્ણયોગની સાધના-પદ્ધતિનો એક ભાગ તરીકે જ. પૂર્ણયોગની પોતાની જે મૌલિક અને અંતિમ સાધના પદ્ધતિ છે તે તો તદ્દન વિશેષ પ્રકારની જ છે.

એકંદરે આ બધાંની સમન્વયાત્મક એવી પદ્ધતિ જૂના કોઇ પણ યોગ માર્ગે સ્વીકારેલી નહોતી. ગીતા ફક્ત જ્ઞાન, કર્મ, ભક્તિયોગનો સમન્વય કરે છે. પાતંજલ યોગ, રાજયોગ અને ભક્તિ યોગનો, પણ બધાંનો જ પાંચેપાંચ યોગોનો સમન્વય કરનારી વિશાળ અને પૂર્ણ સમન્વયાત્મક પદ્ધતિ કોઇએ સ્વીકારેલી દેખાતી નથી.

તેમ જ પૂર્ણયોગ બાહ્ય કર્મકાંડને મહત્ત્વ આપતો નથી. તે આંતરિક યોગ-ક્રિયાઓને જ મહત્ત્વ આપે છે.

સારાંશ, જૂના યોગોનું અથવા ફક્ત તેમના સમન્વયાત્મક પ્રકારનું આ પુનર્જીવન નથી પણ કોષોની સાધના દ્વારા અવચેતન અને અચેતનનું પણ રૂપાંતર કરવાનું મોટું સાહસ છે (Spiritual Adventure)

---

(અનુ. પૃષ્ઠ ૩૧ ઉપરથી) **સાંજના વાર્તાલાપો**

શ્રી અરવિન્દ : દિવ્યપ્રકૃતિ સનાતન કાળથી છે જ. ત્યાંથી તે આ તત્ત્વો લે છે તેને અપરાપ્રકૃતિમાંથી લેવાની જરૂર રહેતી નથી. પણ કાલાંતરે અપરાપ્રકૃતિ જેવી પ્રકૃતિ પણ નહીં રહે એ પણ શક્ય છે. બધું જ દિવ્ય-પ્રકૃતિનું બનેલું હશે.

શિષ્ય : પ્રકૃતિનો નિશ્ચિત અર્થ શું ?

શ્રી અરવિન્દ : પ્રભુએ પોતાના આવિર્ભાવ માટે જ જે તત્ત્વો પોતામાંથી જ ઉત્સર્જીત કરી તેમને સક્રિય કર્યાં તે જ પ્રકૃતિ કહેવાય છે. પ્રકૃતિનો અર્થ અહર્નિશ કૃતિ, કાર્ય કરતું તત્ત્વ (પ્ર+કૃતિ) તે પ્રભુનો આવિર્ભાવ કરવા મથતું તત્ત્વ છે. પ્રકૃતિ ખરેખર તો પ્રભુનો જ સક્રિય અંશ છે.

# યોગ પર દીપ્તિઓ

-શ્રી અરવિન્દ

## ચેતનાનાં સ્તરો અને વિભાગો

અવતરણો

(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)

પ્રકરણ - ૧૮

## યોગચક્રો

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **.....પ્રત્યેક ચક્રનો..... નિશ્ચિત ઉપયોગ અને સામાન્ય ધર્મ હોય છે જેના ઉપર તે તે ચક્રની સઘળી વિશિષ્ટ શક્તિઓ અને ધર્મો આધાર રાખે છે. પૃ.૧૭**
- **.....મૂળાધાર ચક્રનો પ્રદેશ સ્થૂળ અન્નમય કોશથી આરંભીને છેક અવચેતના સ્તર સુધી પ્રસરેલો છે. પૃ.૧૭**
- **..... સ્વાધિષ્ઠાન ચક્ર અધોમુખ પ્રાણના ઉપર આધિપત્ય ભોગવે છે..... મણિપુર વિશાળતર પ્રાણનું કેન્દ્ર છે. પૃ.૧૭**
- **..... અનાહત ચક્ર ભાવપ્રધાન સત્તાનું કેન્દ્ર છે..... વિશુદ્ધ ચક્ર અભિવ્યક્તિ કરનાર તથા બહિર્મુખ થનાર મનનું પ્રધાન કેન્દ્ર છે..... આજ્ઞાચક્ર ક્રિયાત્મક મન, સંકલ્પશક્તિ, સૂક્ષ્મ દૃષ્ટિ તથા માનસિક ઘડતરો ઘડવાનું કેન્દ્ર છે. પૃ.૧૭**
- **..... સહસ્રદળ ચક્ર ઉચ્ચત્તર માનસિક ચિંતનશક્તિનું પ્રભુત્વ ધરાવે છે અને તેની અંદર બુદ્ધિથી પર એવા જ્ઞાનથી પ્રકાશિત ઉચ્ચત્તર મનોમય શક્તિ પણ વસે છે..... સહસ્રદળની ટોચે માનવની માનસિક ભૂમિકા સહજ જ્ઞાનની ચેતના પ્રત્યે ખુલ્લી થાય છે. પૃ.૧૭**

યોગશક્તિને વિકસાવવા માટે માનવ રચનામાં જુદાં જુદાં કેન્દ્રો આવેલાં છે. મૂળભૂત યોગશક્તિ માનવરચનામાંનાં આ કેન્દ્રો દ્વારા માનવમાં કાર્ય કરતી હોય છે. આવા કેન્દ્રોને તેથી જ તો યોગ-ચક્રો કહેવામાં આવે છે.

માનવ શરીરની સ્થૂળ રચનાને ધ્યાનમાં રાખતા તેના સ્થાન નીચે મુજબ છે :

| સ્થૂળ શરીરમાં સ્થાન | યોગચક્ર | તેના પ્રભાવ અને પ્રકાશરંગ |
|---|---|---|
| કરોડરજ્જુના છેવાડે | મૂળાધાર | અચેતન, અવચેતન અને |

| | | |
|---|---|---|
| | | સ્થૂળ/જડતત્ત્વ પર પ્રભાવ. મૂળરંગ ક્રમશઃ શ્યામ, રાખોડી અને લાલ |
| લિંગ પ્રદેશ | સ્વાધિષ્ઠાન | અધોમુખ પ્રાણ પર પ્રભાવ. ક્ષુદ્ર ઈચ્છાઓ, કામનાઓ, અરુણરંગી પ્રકાશ |
| નાભિપ્રદેશ | મણિપુર | વિશાળતર પ્રાણ. ઉચ્ચ ભાવનાઓ પીળો પ્રકાશ |
| હૃદયપ્રદેશ (છાતીની પાંસળીઓ વચ્ચેનો મધ્યભાગ) | અનાહતચક્ર | ભાવપ્રધાન, શુદ્ધ ભાવનાઓ, હરિત પ્રકાશ |
| કંઠ પ્રદેશ (ગળાનો મધ્યભાગ સ્વરપેટીનું સ્થાન) | વિશુદ્ધિ ચક્ર | મનની અભિવ્યક્તિ અને બહિર્મુખતા. નીલ પ્રકાશ. |
| ભ્રૂમધ્ય | આજ્ઞાચક્ર | ક્રિયાત્મક મન, સંકલ્પ શક્તિ સૂક્ષ્મ દૃષ્ટિ વગેરે. ધવલ પ્રકાશ |
| મસ્તક ઉપર તાળવે | સહસ્ત્રાર (બ્રહ્મરંધ્ર) | ઉચ્ચતર માનસિક ચિંતનશક્તિ પારદર્શક ધવલ પ્રકાશ |

આ સાત યોગચક્રો માનવસ્વરૂપનાં સૂક્ષ્મ શરીરમાં આવેલા હોય છે, પરંતુ ચેતનાના તેમાં પ્રવેશ સાથે તેની અનુભૂતિ માનવશરીરમાં સ્થૂળ સ્વરૂપે જે તે સ્થાને અનુભવાય છે. આ યોગચક્રો માનવશરીર રચનામાં ઈડા નાડી (Silver Cord), પીંગળા નાડી (Golden Cord) અને સુષુમ્ણાનાડી (Diamond Cord) દ્વારા વ્યક્તિગત, વૈશ્વિક અને વિશ્વાતિત કક્ષાએ જોડાયેલા હોય છે.

શ્રી માતાજીએ માનવ સ્વરૂપમાં કુલ ૧૨ (બાર) યોગચક્રો છે તે શોધી કાઢ્યું છે. Agendaમાં આ બાબતોનો સ્પષ્ટ ઉલ્લેખ છે. સાત યોગચક્રો ઉપર મુજબ. તેમ જ ગોઠણના સ્થાને અવચેતનનું અને પગના તળિયે અચેતનનું તથા સૂક્ષ્મશરીરમાં આવેલ ત્રણ સૂર્ય ચક્રો (solar plexes) એક સહસ્રદળની પણ ઉપર, એક અનાહત ચક્રની સામે અને એક પગના તળિયાની પણ નીચે. એમ કુલ

(અનુ. પૃષ્ઠ ૪૪ ઉપર)

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

## અગ્નિનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ.૯૧-૧૦૧)
પ્રકરણ -૧૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ક્રમશઃ)

હાલમાં ઉપલબ્ધ ઋગ્વેદનાં દસ મંડલ છે જે નીચે મુજબના ઋષિઓનાં છે :

મંડલ ઋષિકુળ

૧ મધુછંદ, દીર્ઘતમસ્, ૨ ગૃત્સમદ, ૩ વિશ્વામિત્ર, ૪ વામદેવ, ૫ અત્રિ, ૬ ભરદ્વાજ, ૭ વશિષ્ઠ, ૮ વિવિધ ઋષિઓ

૯ વિવિધ ઋષિઓ

૧૦ વિવિધ ઋષિઓ

દરેક મંડલમાં સૂક્તોનો જે નિશ્ચિત ક્રમ જણાય છે તે નીચે મુજબનો છે :

(૧) અગ્નિસૂક્તો (૨) ઈન્દ્રસૂક્તો (૩) અન્ય દેવો. દા.ત.બૃહસ્પતિ, સૂર્ય, ઉષા.

આમાં અપવાદ તરીકે નવમું મંડલ છે. તે પૂરેપૂરું સોમ-સૂક્તોનું જ છે.

આ રચનાક્રમ જોતાં એમ કહી શકાય કે વેદોની રચના વ્યાસમુનિએ નીચેના ત્રણ સિદ્ધાંતાનુસાર ગોઠવીને કરેલી છે :

૧ નિશ્ચિત ઋષિનાં મંડલો પ્રથમ લીધેલાં છે, પરચૂરણ ઋષિઓનાં છેલ્લે.

૨ દરેક મંડલમાં પ્રથમ અગ્નિ, તે પછી ઇન્દ્ર, તે પછી અન્ય દેવોનાં સૂક્તોનો ક્રમ છે.

૩ વિચાર-વિકાસ ક્રમ મુજબ શરૂઆતનાં મંડલોમાં વેદોના કેન્દ્રિય વિચારને લગતાં સૂક્તો લીધાં છે. તે પછીના મંડલોમાં તેમાંની વધુ વિગતો આપવામાં

આવી છે.

દસમાં મંડલમાં તો જાણે વેદ-વિજ્ઞાનના અંતિમ નિષ્કર્ષો જ દર્શાવેલાં છે. આધુનિક વિદ્વાનો દસમ મંડલને જ વેદાંતના વિચારોનો પાયો ગણે છે.

આપણને માનસશાસ્ત્રીય અર્થ સમજવામાં વિશ્વામિત્રના પુત્ર મધુશ્છંદ ઋષિનાં પ્રથમ અગિયાર સૂક્તો ખૂબ જ મહત્ત્વનાં છે. તેમાંના અર્થોને તે પછીના ઈન્દ્રને ઉદ્દેશીને લખેલાં સૂક્તોમાં પુષ્ટિ મળે છે.

પ્રથમ આપણે અગ્નિસૂક્તનાં મંત્રો ૫ થી ૮ લઈએ. તે અગ્નિનો આંતરિક અર્થ સ્પષ્ટ કરી આપે છે.

ઋગ્વેદનાં પ્રથમ મંડળની શરૂઆતમાં વિશ્વામિત્રના પુત્ર તથા પૌત્રે લખેલાં અગ્નિસૂક્તો છે. તેમાંના પાંચથી આઠ સુધીનાં પાંચ મંત્રો માનસશાસ્ત્રીય અર્થ સારી રીતે સ્પષ્ટ કરે છે, તેથી તેનો અભ્યાસ કરવો હિતાવહ રહેશે.

૧ અગ્નિર્હોતા કવિક્રતુ : સત્યશ્ચિત્ર શ્રવસ્તમઃ । દેવો દેવેભિરાગમત્ ॥૫॥

હે ચૈત્યપુરુષરૂપી અગ્નિ (અગ્નિઃ) તમે એવા ઋષિઓ (કવિઃ) જે પ્રકૃતિના રૂપાંતરનો આંતરયજ્ઞ કરે છે (ક્રતુઃ) તે સ્વરૂપે વિદ્યમાન છો. તમે તેને કારણે (દિવ્યદેહમાં) આવિર્ભાવ પામતાં સત્યનાં દૃષ્ટિસ્વરૂપે આંતરદર્શન (ચિત્ર) અને શ્રુતિરૂપે આંતરશ્રવણ (શ્રવસ્)ની ઉત્કટ (તમઃ) ઘટનાઓ રચો છો. આપ દૈવીશક્તિ સ્વરૂપ અન્ય દેવો સાથે દેવ તરીકે (દેવોદેવેભિઃ) પ્રગટ થાઓ (આગમત્)

૨. યદંગં દાશુષે ત્વમગ્ને ભદ્રં કરિષ્યસિ। તવત્તત્ સત્યમંગિરઃ॥૬॥

હે જ્યોતિર્મય ચૈત્યપુરુષ સ્વરૂપ અગ્નિ (અંગીરે) ! રૂપાંતરના આંતરયજ્ઞમાં પોતાની પ્રકૃતિના દૂષણોની આહુતિ આપનારનું (દાશુષે) તમે દિવ્ય પ્રકૃતિની પ્રાપ્તિ-સ્વરૂપ કલ્યાણની રચના કરો છો. (ભદ્રં કરિષ્યસિ) તેવું કરવું એ (એતત્) તમારો (તવ) મૂળભૂત સ્વભાવ છે, કાયમી પ્રકૃતિ છે (સત્યમ્)

૩. ઉપ ત્યગ્ને દિવે દિવે દોષાવસ્તર્ધિયા વયમ્। નમો ભરંત એમસિ॥૭॥

અમે( વયમ્) એકથી એક ઊર્ધ્વ જ્યોર્તિમય ચેતનાના પ્રદેશમાં (દિવે દિવે) હે અગ્નિ ! આપની પાસે આવી (ઉપત્વ અગ્ને) અમારા પ્રકૃતિમાંની મલિનતાઓ તને જ અર્પણ કરીએ (દોષાવસ્તર્ધિયા) છીએ અને દિવ્ય અભીપ્સાઓથી (એમસિ) અમારું ચિત્ત ભરી દઇ (ભરંત) આપને વંદન કરીએ છીએ. (નમો)

૪. રાજંત મધ્યરાણાં ગોપા મૃતસ્ય દીવિવિમ્ । વર્ધમાનં સ્વે દમે ।।

જીવનયજ્ઞમાંથી પ્રકાશિત થતાં (રાજંત મધ્યરાણાં) સત્યોના (અમૃતસ્ય) (જે પ્રભુના ઋત્‌સ્વરૂપ આવિર્ભાવ શક્તિના (દીવિવિમ્) આપ રક્ષક છો (ગોપા), તમે ચેતનાના વિવિધ સ્તરરૂપી પોતાના જ ઘરમાં (સ્વે દમે) વૃદ્ધિંગત પામો. (વર્ધમાનં)

આ અર્થઘટનમાં લીધેલાં અર્થો અન્ય મંત્રોમાં સ્પષ્ટ પ્રગટ થયેલાં જ છે, જે નીચે મુજબનાં છે :

૧. કવિનો અર્થ સત્યદૃષ્ટા એવો સર્વત્ર જણાય છે. ક્રતુનો અર્થ યજ્ઞ છે. અર્થાત્ ‘કવિક્રતુઃ’નો અર્થ છે સત્યદૃષ્ટાના યજ્ઞભાવથી કરેલાં કર્મો. યજ્ઞભાવ એટલે પ્રભુ-સમર્પણનો ભાવ.

૨. શ્રવણ શબ્દ ‘શ્રી’ શ્રયતે એ શબ્દ ઉપરથી આવેલો છે. શ્રી એટલે પ્રભુનાં દિવ્યગુણો નિમ્ન સ્તરે પ્રગટ થવાં, ટપકવાં, સ્રાવ થવો. એ અર્થમાં શ્રી એટલે અપ્રગટ બીજસ્વરૂપ આંતરિક લક્ષ્મી અને લક્ષ્મી એટલે પ્રગટ લક્ષમાં આવે એવી શ્રી. શ્રવસનો એક પ્રકાર આંતરશ્રવણની ક્ષમતા જેને શ્રી અરવિન્દ ‘શ્રુતિ’ કહે છે, તે છે.

૩. ઋતમ્ એટલે પ્રભુના સંકલ્પ-સ્વરૂપ અવ્યક્ત સત્યો અથવા બીજસ્વરૂપ સત્યો(શ્રી) સત્ય એટલે નિમ્ન સ્તરે પ્રગટ થયેલું. વાસ્તવિક બનેલું ઋતમ્ (લક્ષ્મી).

૪. દમે - આ શબ્દ-સદનનો મૂળ શબ્દ છે. અગ્નિનું મૂળ ઘર કે સદનને ‘વેદિ’ પણ કહે છે. વેદિનો સ્થૂળ અર્થ હવનકુંડ. વેદ ઉપરથી ‘વેદિ’ શબ્દ આવેલો છે. વેદિ એટલે મૂળ જ્ઞાનસ્વરૂપ સ્રોત અથવા ઉગમ. પ્રભુનો સંકલ્પ એ જ તેનો મૂળ ઉગમ છે. પ્રભુનો સંકલ્પ ચેતનાના દરેક સ્તરે વિવિધ રૂપે તબક્કાવાર પ્રગટ થાય છે, તેથી અગ્નિનાં સદન અનેક છે; તેથી વેદોમાં ‘દમે દમે’ તેના દરેક સદનમાં એવો શબ્દપ્રયોગ જડે છે.

૫. ‘નમસ્’નો સ્થૂળ અર્થ નમન કરવું એવો છે, પણ માનસશાસ્ત્રીય અર્થ ‘સમર્પિત ભાવ’ એવો છે.

૬. સત્યં, ઋતમ્, બૃહત્ - આ ત્રિપુટી મૂળ ચેતનાના વર્ણન માટે વપરાય છે. ભૌતિક જગતમાં જે વાસ્તવિક સત્ય છે. સૂક્ષ્મ જગતમાં જે બીજસ્વરૂપ સત્ય અથવા ઋતમ્ સ્વરૂપ છે અને અસ્સલ તો અસીમ ચેતના સ્વરૂપ છે, તે જ બ્રહ્મ -

ચેતના છે; એવો આ ત્રિપુટી શબ્દનો અર્થ થાય છે.

૭. જાતવેદાઃ - આ અગ્નિનું વિશેષણ છે. ચૈત્યપુરુષ જ અગ્નિ છે. તે શરીરરૂપી પાર્થિવ તત્ત્વમાં વસે છે, ત્યારે વૈશ્વાનર અગ્નિ કહેવાય છે. ત્રણે શરીરરૂપી વિશ્વમાં રહેનાર પુરુષ સ્વરૂપ (નર) ચેતના તે જ વૈશ્વાનર અગ્નિ. ગીતામાં આનો સ્પષ્ટ ઉલ્લેખ છે. (અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ - ગીતા) તે જ્યારે સૂક્ષ્મ અને કારણ બે જ શરીરમાં વસે છે, પાર્થિવ શરીર છોડી દીધેલું હોય છે અથવા ધારણ કરેલું જ હોતું નથી, ત્યારે સૂક્ષ્મ શરીર વાયુસ્વરૂપ હોવાથી આ ચૈત્યપુરુષને જ વાયુ કહે છે અથવા અંતરીક્ષ કહે છે. અંતરીક્ષ એટલે અવકાશ અથવા મનની આંખથી જ સૂક્ષ્મ આંખથી જ દેખાતું શરીર. વેદાંત આને 'તેજસ્' કહે છે. 'તેજસ્વરૂપ' કહે છે. વેદો તેને 'વિદ્યુત' પણ કહે છે. ચૈત્યપુરુષ જ્યારે ફક્ત કારણ શરીરમાં વસે છે, ત્યારે તેને પ્રાજ્ઞ કહે છે અથવા સૂર્ય કહે છે. પ્રાજ્ઞ એટલે 'સર્વજ્ઞ'. આ અર્થમાં જ 'જાતવેદસ્' શબ્દ છે. ચૈત્યપુરુષ કારણ શરીરમાં કાયમી સ્વરૂપે પ્રગટ છે માટે સૂર્ય. તેણે ધારણ કરેલાં ત્રણે શરીરનો હેતુ તે જ જાણે છે, તેથી તે જન્મેલાં શરીરોના જાણકાર કહેવાય છે.

૮. સુકૃત્ય - જે કૃત્ય, કર્મ કરતી વખતે ચૈત્યપુરુષ તેની દ્વારા પ્રગટ થાય તેને સુકૃત્ય કહેવાય છે, 'સત્કર્મ' કહેવાય છે. તે વખતે સાધક પોતાના આત્મતત્ત્વ બાબત પૂર્ણ સભાન હોય છે અને પોતાની મનની આંખોથી જોતો હોવાથી તે અવસ્થાને 'સ્વપસ્યયા' પણ કહે છે. બૌધોની 'વિપશ્યના' શબ્દનો આ જ મૂળ અર્થ છે.

૯. કલ્યાણમયમ્ - આ શબ્દનો અર્થ છે શ્રેયસ માર્ગે લઈ જનાર, આધ્યાત્મિક પ્રગતિ કરાવનાર, ચેતનાનો વિકાસ કરાવનાર. તેના વિરોધી શબ્દ તરીકે સૂક્ત (૫,૮૨,૪-૫)માં 'દુસ્વપ્ન્યમ્' શબ્દ વાપરેલો છે. ચેતનાની પતનાવસ્થા એ જ ચેતનાનું દુઃસ્વપ્ન છે. ખરાબ સપનું છે. દુરિત અવસ્થા છે. તેના વિરુદ્ધમાં 'સવિતમ્' 'દ્રમ્' શબ્દ પણ વાપરે છે. સુવિતમ્ એટલે સત્ય એવી વિશાલ ચેતનાની સ્થિતિ બાબતની સભાનતા. સાચી (સુ) વિશાળતામાં રહેનાર (વિતમ્). ભદ્રં એટલે શુભ. સાચી ચેતના અથવા કલ્યાણકારી ચેતના. (ક્રમશઃ)

## સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

# પુનર્જન્મની પ્રક્રિયા

પ્રકરણ - ૨૪

(ખંડ-૨, પૃ.૧૨૭-૧૨૯) (તા.૧૦.૭.૨૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માણસના ભૌતિક શરીરનો ત્યાગ એ મૃત્યુની પ્રક્રિયાની શરૂઆત હોય છે. તે મૃત્યુની સમગ્ર પ્રક્રિયા નથી. તે પછી કાલાંતરે પ્રાણમય શરીર છોડવામાં આવે છે. જેમ દુઃખનું ઓસડ દહાડા કહેવાય છે તે જ પ્રક્રિયા અહીં થાય છે. ભાવનાના ઉદ્રેકો મૃત્યુ પછી તીવ્ર બને છે પણ ધીમે ધીમે જ્વાલામુખી શાંત થાય તેમ શમતા જઈ ઠરી જાય છે, ત્યારે પ્રાણમય શરીર ખરી પડે છે.

તે પછી મનોમય શરીરનો વારો આવે છે. માનસિક પૂર્વગ્રહો, માન્યતાઓ, આગ્રહો, સૂક્ષ્મ-જગતના અનુભવો પછી ઢીલા થતાં જાય છે અને તે પણ છૂટી જતાં મનોમય દેહ પણ ખરી પડે છે.

આ પ્રક્રિયા પૂર્ણ થવા પ્રકૃતિના દૃઢ સંસ્કારોને અનુરૂપ ત્રણસોથી સાતસો વર્ષ લાગે છે. ઘણી વખત કુદરત તેના દૃઢ સંસ્કારોને ભોગવીને ક્ષીણ કરવા આ વિઘટન પ્રક્રિયાની વચ્ચે જ તેને નવો જન્મ ધારણ કરાવે છે તેથી ઘણી વખત પૂર્વ જન્મની સ્મૃતિ રહી જતી હોય છે. પણ તે વસ્તુ તાત્કાલિક ઑપરેશન કરવા જેવી હોય છે, આપત્કાલીન હોય છે.

મૃત્યુ વખતે જીવની આંખો સામે તેના વર્તમાન જન્મનું સરવૈયું તૈયાર થાય છે. તેની આંખો સામેથી ચલચિત્રની જેમ જીવનની મુખ્ય મુખ્ય ઘટનાઓ સરતી હોય છે. તે બધાંનાં સારા નરસા સંસ્કારો અને વલણો તે સ્વીકારે છે તે પછી જે ઊણપો આવતા જન્મે જરૂરી ક્ષમતાઓ વિકસાવવા જરૂરી લાગે તે ઊણપો અને ક્ષમતાઓ તેના કર્મ સંચયમાંથી પસંદ કરે છે; તે જ આવતા જન્મનું ભાગ્ય કે નિયતિ બની જાય છે. આ માટે સારા નરસા બધા જ સંસ્કારોનો ઉપયોગ મદદરૂપ થવા કરવામાં આવે છે.

બધા જ દેહ વિલય પામ્યા પછી જીવ ચૈત્યલોકમાં અર્થાત્ પોતાના ચિત્તમાં

(આ પસંદ કરેલા સંસ્કારો સાથે) પ્રવેશે છે અને ત્યાં આ સંસ્કારોને વ્યવસ્થિત ગોઠવે છે. આ ગોઠવણી થયા પછી તેને અનુરૂપ મનોમય અને પ્રાણમય લોકમાંથી તત્ત્વોને આકર્ષીને મનોમય અને પ્રાણમય શરીર અર્થાત્ સૂક્ષ્મદેહની રચના કરે છે તે પછી આ સૂક્ષ્મદેહને અનુરૂપ માતાપિતા જે તેને જરૂરી સારામાઠા સંસ્કારો આપી શકે તેવાની શોધ આદરે છે. તે માતાપિતા નિશ્ચિત થતાં જ તેમના ઉદરે ગર્ભમાં પ્રવેશે છે.

આ પ્રવેશકાળ ઘણી વખતે ગર્ભધારણાથી માંડીને પાંચ-છ માસના ગર્ભ સુધીમાં ક્યારે પણ આવી શકે છે. તેથી જ પાંચ-છ માસે આર્યો પુંસવન સંસ્કાર કરતાં. પુંસવન્ એટલે ચૈત્યપુરુષના પ્રવેશની તૈયારી થઇ ગઇ છે તેનો સમારંભ.

તે પછી તે પૂરા માસે જન્મ લે છે. ચૈત્યપુરુષને પોતાના માતાપિતાની પસંદગીમાં ભૂલ કરી એવું લાગે તો બાળમૃત્યુ થઇ તે ચૈત્યપુરુષ પોતાનું આયોજન ફેરવી નાંખે છે.

આ સંપૂર્ણ વિકસિત પુનર્જન્મની પ્રક્રિયા છે. ઉત્ક્રાંતિની શરૂઆતમાં સૂક્ષ્મ-શરીરનો વિકાસ જ થએલો ન હોવાથી (ખરેખર તો ભૌતિક-શરીર વિકસિત ન હોવાથી તે સૂક્ષ્મશરીરને પ્રગટ કરી શકે તેમ ન હોવાથી) પુનર્જન્મમાં ભૌતિક દેહનું વિસર્જન અને ફરી ધારણા આવી જ ઘટના જીવજંતુઓમાં બનતી હોય છે. ત્યાં ભૌતિક-ચેતનાના વિકાસનો તબક્કો ચાલતો હોય છે. તે પછી પ્રાણીજગતમાં તે પ્રક્રિયા પ્રાણમય લોક સુધી લંબાય છે. માનવોમાં મનોમય લોક સુધી લંબાય છે.

આપણે હવે તેને વિજ્ઞાનમય લોક સુધી લંબાવવા માંગીએ છીએ. તે એકદમ થવું શક્ય નથી. પ્રથમ મનોમય તત્ત્વને અતિમાનસિક કરવું પડશે. પછી પ્રાણતત્ત્વને અને અંતે, શારીરિક તત્ત્વને. જ્યાં સુધી શારીરિક-કોષો પણ અતિમનસનો પ્રભાવ ઝીલતા નહીં થાય ત્યાં સુધી આ પ્રક્રિયા પૂર્ણ નહીં થાય.

જો આમ અતિમાનસિકરણ પૂર્ણ થશે તો ગતજન્મોની સ્મૃતિ ભૂંસાશે નહીં. કારણ પ્રાણમય કે મનોમય દેહ ત્યાગવો જ નહીં પડે. અવતારમાં આ ઘટના અપવાદાત્મક કિસ્સામાં થતી હોય છે. બીજું, ઉત્ક્રાંતિ માટે જૂનો દેહ છોડવાની પણ જરૂર નહીં રહે, તેથી વ્યક્તિ ઇચ્છામૃત્યુની ક્ષમતા ધરાવશે.

શિષ્ય : અતિમાનસિક પ્રાણ અને મન હાલમાં સૂક્ષ્મલોકમાં નથી તો તેવા શરીર રચવા જીવ આવાં તત્ત્વો ક્યાંથી લાવશે?

(અનુ. પૃષ્ઠ ૨૩ ઉપર)

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## પંચકોષ - વિદ્યા

પ્રકરણ-૪૪ (તૈતરેયઉપનિષદ-૨)

માનવ શરીર એટલે ફક્ત ભૌતિક શરીર જ નથી પણ તે શરીરની પાછળ તેનાં જ એકથી એક સૂક્ષ્મ સ્તરો છે જેનો અંતિમ છેડો આત્મતત્ત્વને જઇ મળે છે. સૂક્ષ્મતાનુસાર આ શરીરનાં પાંચ સ્તરો છે - ભૌતિક શરીરથી શરૂઆત કરીએ તો ભૌતિક શરીર (અન્નમય કોષ), પ્રાણમય શરીર (પ્રાણમય કોષ), મનોમય શરીર (મનોમય કોષ), વિજ્ઞાનમય શરીર (વિજ્ઞાનમય કોષ), આનંદમય શરીર (આનંદમય કોષ) છે.

કોષ એટલે આવરણ જે આત્મતત્ત્વને ઢાંકી રહ્યું છે. આ પાંચે કોષો આત્મ-તત્ત્વને હાલનાં તબક્કે પ્રગટ કરી શકતાં નથી અથવા વિકૃત રીતે પ્રગટ કરે છે. તેમને વિકસાવી આત્મતત્ત્વને વિકૃતિ વગર અસલ સ્વરૂપે પ્રગટ કરાવવા માટે જે વિદ્યા ઋષિઓએ વિકસાવી તેને પંચકોષ વિદ્યા કહે છે. આ પંચકોષોના પ્રકાશ-રંગો જુદા જુદા છે તે ઉપરના ક્રમે જોઇએ તો લાલ, કેસરી, પીળો, સુવર્ણમય અને હીરક પ્રકાશનાં છે. પ્રકાશને ઉપનિષદો અગ્નિ કહે છે તેથી આને પંચાગ્નિ સાધના પણ કહે છે.

આ વિદ્યાના જાણકાર તરીકે અફઘાનિસ્થાનનાં પડોશનાં કેકય દેશનાં રાજા અશ્વપતિ કહ્યાં છે (કૈકયી ત્યાંની જ રાજકન્યા હતી જે દશરથ સાથે પરણ્યા હતા) અશ્વપતિ સત્યવાન-સાવિત્રી આખ્યાનમાંના સાવિત્રીના પિતા હતા.

જે આત્મતત્ત્વ આ પંચ કોષો મારફત પ્રગટ થવાનું છે તેના સ્વરૂપ બદલ પ્રથમ ઋષિ જણાવે છે - 'સત્યંજ્ઞાનંમનંતં બ્રહ્મ' અર્થાત્ તે શુદ્ધ અસ્તિત્વ સ્વરૂપ છે. તે જ્ઞાનસ્વરૂપ અર્થાત્ ચેતનાસ્વરૂપ છે અને તે અસીમ છે તેથી તેને 'પરમવ્યોમન્' શ્રેષ્ઠતમ આકાશ એવું જણાવેલ છે. તેનો એક અંશ માનવના હ્દયમાં વાસ કરે છે, પણ તે પુરુષનું સ્વરૂપ ધારણ કરીને બ્રહ્મતત્ત્વનાં જ (પોતાના) અન્ય અંશોને સમતાપૂર્વક ભોગવે છે, પોતે પોતાનો આનંદ માણવા માટેનું આ આયોજન છે.

પણ આ રીતે સમતાપૂર્વક દિવ્યભોગ ભોગવવા માટે તેણે ધારણ કરેલાં પાંચકોષોને પૂરેપૂરા વિકસાવવાની જરૂર છે.

આ પાંચે કોષોની રચના કેવી છે તે ઋષિ જણાવે છે. સહુથી વિશાળ કોષ

આનંદમય કોષ છે. તેમાં વિજ્ઞાનમય કોષ છે. વિજ્ઞાનમય કોષમાં મનોમય કોષ છે. મનોમય કોષમાં પ્રાણમય કોષ છે. પ્રાણમય કોષમાં અન્નમય કોષ છે. એક જ કેન્દ્રમાંથી એકથી એક વિશાળ વર્તુળો દોર્યાં હોય એવી સ્થિતિ છે. આવી રચના થવાનું કારણ એ છે કે તત્ત્વ જેટલું વધારે સૂક્ષ્મ એટલું તે વિશાળતા ધારણ કરે છે.

અન્નમય કોષથી (ભૌતિક શરીરથી) આત્મા સ્થૂલ કર્મો કરે છે. પ્રાણમય કોષથી ભાવનાઓ અને વિકારો અનુભવે છે. મનોમય કોષથી વિચાર કરે છે. વિજ્ઞાનમય કોષથી બ્રહ્મતત્ત્વને જાણે છે અને આનંદમય કોષથી તેની સાથે એકરૂપ થઈ જાય છે. હૃદયમાંનો આત્મા જીવ છે. બ્રહ્મતત્ત્વ શિવ છે. આમ જીવ-શિવનો ફરી ભેટો થાય છે.

ઋષિનું કહેવું એમ છે કે આ વ્યક્તિગત જીવના કોષો એ ખરેખર વૈશ્વિક પુરુષના કોષોના અંશરૂપ જ છે. દરેક વૈશ્વિક કોષમાંથી એક એક સૃષ્ટિ રચાઈ છે.

વૈશ્વિક અન્નમય કોષમાંથી ભૌતિક સૃષ્ટિ, પ્રાણમય કોષમાંથી પ્રાણમય સૃષ્ટિ, મનોમય કોષમાંથી મનોમય સૃષ્ટિ, વિજ્ઞાનમય કોષમાંથી વિજ્ઞાનમય સૃષ્ટિ અને આનંદમય કોષમાંથી આનંદમય સૃષ્ટિ રચાઈ છે.

માનવ શરીરમાં આ બધી સૃષ્ટિઓને ભૌતિક સ્તરે પ્રગટ કરવાની ક્ષમતા છે. આવી આવિર્ભાવ પ્રક્રિયાને જ 'વ્યાહૃતિ' કહે છે. વ્યાહૃતિ એટલે ખાસ રીતે (વિ) સાધના દ્વારા સૂક્ષ્મલોકને ખેંચીને અવતરણ કરાવીને (હૃતિ) ભૌતિક સ્તરે પ્રગટ કરવો.

આને જ આપણે ઉત્ક્રાંતિ કહીએ છીએ. આ ઉત્ક્રાંતિને સવેગે આગળ ધપાવવાની વિદ્યા એટલે પંચકોષ વિદ્યા.

અત્યાર સુધી ઉત્ક્રાંતિએ પોતાની રીતે ત્રણ કોષોને ભૌતિક શરીર દ્વારા પ્રગટ કર્યા છે, અન્નમય કોષ પ્રગટ થવાથી ભૌતિકસૃષ્ટિ નિર્માણ થઈ. પ્રાણમય કોષ પ્રગટ થવાથી પ્રાણીસૃષ્ટિ નિર્માણ થઈ. મનોમય કોષ પ્રગટ થવાથી માનવસૃષ્ટિ નિર્માણ થઈ. હવે વિજ્ઞાનમય સૃષ્ટિ પ્રગટ થવાની પ્રક્રિયા શરૂ થઈ છે. તે વિજ્ઞાનમય સૃષ્ટિ રચશે જેને શ્રી અરવિન્દ અતિમનસ સૃષ્ટિ કહે છે અને અંતે, ભવિષ્યમાં આનંદમય સૃષ્ટિ પ્રગટ થશે, ત્યારે વ્યક્તિ અને સમષ્ટિનો આત્મા એકરૂપ થઈને જીવન દ્વારા પૂર્ણરીતે પ્રગટ થશે.

આ કોષોને વિકસાવવાની સાધનાનું સ્વરૂપ અશ્વપતિએ જણાવેલ છે. તે અનુસાર શરીરને લાલ પ્રકાશરંગથી ભરી દેવાથી ધીમેધીમે પાર્થિવકોષ પોતાની મેળે પોતાનો વિકાસ સાધે છે. આપણે ફક્ત જે તે કોષને જે તે કોષના પોષણ સ્વરૂપ પ્રકાશરંગનો પુરવઠો કરવાની જરૂર છે. કેસરી રંગનું ધ્યાન કરવાથી પ્રાણમય કોષ પોતાની રીતે વિકાસ પામે છે. પીળા પ્રકાશનું ધ્યાન કરવાથી મનોમય કોષ પોતાની રીતે વિકાસ

પામે છે અને સુવર્ણમય પ્રકાશનું ધ્યાન કરવાથી વિજ્ઞાનમય કોષ પોતાની મેળે વિકાસ પામે છે અને હીરક પ્રકાશનું ધ્યાન કરવાથી આનંદમય કોષ પોતાની મેળે વિકાસ પામે છે.

આ પાંચ પ્રકાશરંગો સ્વરૂપ પાંચ અગ્નિની ઉપાસના કરવાની છે તે પ્રકાશરંગોને પછી અસીમ બ્રહ્મતત્ત્વ સાથે એકરૂપ સમજી તેની સાથે પોતાને એકરૂપ કરતાં શીખવું પડે છે. આ રીતે કોષોનો વિકાસ કરવાથી પોતાની મેળે ઉત્ક્રાંતિ આગળ વધી તેને અનુરૂપ સૃષ્ટિ રચવા માંડે છે.

આ જ છે પંચકોષોની સાધના. અંતિમ આનંદમય કોષમાંનો આનંદ કેવો તે દર્શાવવા આનંદનાં એકથી એક શ્રેષ્ઠ સ્તરો દર્શાવેલાં છે. માણસને સમગ્ર પૃથ્વીનું રાજ મળી જે સુખવૈભવ પ્રાપ્ત થાય તે માનુષ-આનંદ એ પ્રથમ સ્તર છે. આવો સો ગણો માનુષ આનંદ એટલે ગંધર્વનો આનંદ, જે વેદજ્ઞ પુરુષને પ્રાપ્ત થાય છે. આવો સો ગણો ગંધર્વાનંદ એટલે પિતૃઆનંદ. તે પણ સાચા વેદજ્ઞ પુરુષને પ્રાપ્ત થાય છે. આવો સો ગણો પિતૃઆનંદ મળીને પ્રજાપતિનો આનંદ થાય છે. તે પણ વેદજ્ઞને પ્રાપ્ત થાય છે. સો ગણો પ્રજાપતિનો આનંદ એટલે એક બ્રહ્માનંદ. આવો બ્રહ્માનંદ પણ વેદજ્ઞને પ્રાપ્ત થાય છે.

બ્રહ્માનંદથી શ્રેષ્ઠ આનંદ નથી. માનવ પંચકોષોને વિકસાવે તો મેળવી શકે છે. આ બ્રહ્માનંદ વૈશ્વિક-પુરુષમાં, આદિત્યમાં પણ હોય છે.

આ આનંદની પ્રાપ્તિથી નીચેનાં પરિણામો યોગીનાં જીવનમાં દેખાવા માંડે છે. તે પૂર્ણ નિર્ભય બની જાય છે. તેની શુભ-અશુભ, પાપ-પુણ્યની કલ્પનાઓથી તે મુક્ત થઈ જાય છે. તે જીવનમાં પ્રસન્નતા, શાંતિ, સંતૃપ્તિ જ અનુભવે છે. તેને આંતરિક સનાતનતાનો ભાવ જાગે છે. જીવનમાં સમતા નિર્લેપતા ગુણાતીતતા પ્રગટ થવા લાગે છે.

**રાજકોટ કેન્દ્રનાં નવા પ્રકાશનો**

શ્રી અરવિન્દના 'યોગ વિષે પત્રો' ભા.૧-૨-૩ ઉપર આધારિત

**"પૂર્ણયોગનાં પત્રો" ભા. ૧-૨-૩, લે. માનસિંહ ચાવડા**

હાર્ડ બાઉન્ડ, પૃ.સંખ્યા. ૨૭૨-૨૪૦-૩૨૮

કિં. ૨૦૦/-, ૧૭૫/-, ૨૦૦/- પ્રકાશિત થઇ ચૂક્યાં છે.

જેમાં દરેક પ્રકરણમાં મૂળ સંદર્ભો સાથે સરળ વિવેચન કરેલું છે.

**-ટ્રસ્ટી મંડળ**

# આત્મસિદ્ધિ
- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

## દિવ્યપૂર્ણતા

(પુસ્તિકા પૃ.૭-૧૩)    પ્રકરણ - ૩

### સાધના પથ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ પરમાત્મા કે જે આપણું સત્ય સ્વરૂપ છે તે જ યોગ કરનાર સાધક બને છે. પૃ.૧૪

૨ તપસ્‌નું દબાણ આપણામાં રહેલી દૈવી પ્રકૃતિ ઉપર એકાગ્ર થાય છે, એટલે તે આપણા સમગ્ર સ્વભાવ ઉપર દબાણ કરે છે. પૃ.૧૪

૩ સાધકે પોતાની જાતને અહંતાથી પર એવા પ્રભુને અર્પણ કરી દેવી જોઈએ. પૃ.૧૪

૪ આ સાધનામાં ત્રણ ભૂમિકાઓ છે. પ્રથમ ભૂમિકામાં વ્યક્તિ પ્રભુ સાથે સંબંધ બાંધવાનો પ્રયત્ન કરે છે. બીજામાં આપણી સંપૂર્ણ અપરાપ્રકૃતિના એક એક કરણને પ્રભુની દૈવીપ્રકૃતિમાં રૂપાંતર પમાડવાને પ્રભુની શક્તિ તૈયાર કરે છે. ત્રીજામાં અપરાપ્રકૃતિનું પરાપ્રકૃતિમાં રૂપાંતર થાય છે. આપણી બુદ્ધિમાં એ સત્યરૂપે ઉદય પામે છે અને આપણને મદદ કરનાર સત્ય તરીકે બુદ્ધિ તેને જુએ છે. પૃ.૧૫

૫ જ્યારે દૈવીપ્રકૃતિ આપણી અપરા અથવા માનુષી પ્રકૃતિના એક એક કરણ ઉપર કાર્ય કરે છે, ત્યારે તેની ત્રણ વિશેષતાઓ, લક્ષણો જણાય છે. (૧) મુકરર કે નક્કી કરેલી પદ્ધતિ પ્રમાણે (તે) કાર્ય કરતી નથી, પરંતુ સ્વતંત્ર અને છૂટાછવાયા પ્રયત્નોથી તે પોતાનું કાર્ય શરૂ કરે છે. સાધકના સ્વભાવ પ્રમાણે એનું કાર્ય ધીમે-ધીમે વધારે બળવાન થતું જાય છે. તે શુદ્ધિ સ્થાપન કરે છે. દરેક સાધક સ્વતંત્ર માર્ગ અનુસરે છે. તે છતાં પણ

બધા માણસોને સન્માન્ય થઈ પડે એવા કેટલાક વિશાળ અને વ્યાપક સિદ્ધાંતોનો ઉપયોગ કરીને આપણે પૂર્ણયોગનું શાસ્ત્ર રચી શકીએ ખરા. પૂર્ણયોગની પદ્ધતિમાં ક્રિયાઓ કે વિધિઓનો સંગ્રહ હોવાનો સંભવ નથી તો પણ વ્યાપક સિદ્ધાંતોનું તે શાસ્ત્ર સમન્વય વૃત્તિવાળા સાધકને ઉપયોગી છે. (૨) ભૂતકાળનાં કર્મોને પરિણામે આપણી પ્રકૃતિ અત્યારે જેવી છે તેવી ને તેવી તે સ્વીકારે છે..... પ્રભુ તેના સત્ય સ્વરૂપ માટે દરેક કરણને ઘડીને યોગ્ય બનાવે છે..... આપણી પ્રકૃતિમાં જે કાંઈ અપૂર્ણ અનિષ્ટ અને નિર્બળ તત્ત્વો છે તે પણ દૈવી પ્રકૃતિનો ઊલટો પડછાયો કિંવા તેનું ઊંધું પ્રતિબિંબ છે..... મંત્રદૃષ્ટા ઋષિમુનિઓએ મંત્રમાં લખ્યું છે, ''આપણા પ્રાચીન ઋષિઓ એરણ ઉપર દેવતા (તેની દૈવી-પ્રકૃતિનો ઘાટ) ઘડતા. (૩) આપણામાં જે દૈવી શક્તિ છે તે સમગ્રયોગને માટે જિંદગીના એક એક કાર્યનો ઉપયોગ કરે છે..... નિર્બળતામાંથી શક્તિ પ્રગટાવવાની તેની અદ્‌ભુત કળા આપણે પ્રત્યક્ષ નિહાળીએ છીએ..... અપરાપ્રકૃતિમાં તે ધીમે ધીમે કાર્ય કરે છે જ્યારે પરાપ્રકૃતિમાં જ્ઞાનપૂર્વક.''

## રૂપાંતરની પદ્ધતિ

ઉપરના પરિણામ હાંસલ કરવા રૂપાંતરની પ્રક્રિયાનો ઉપયોગ કરવો પડે છે. તે માટે આપણા સમગ્ર અંતઃકરણને પ્રભુના દિવ્ય-શક્તિઓના અવતરણનું માધ્યમ બનાવવું જરૂરી છે. તે દિવ્ય-શક્તિઓની અંતઃકરણમાં હાજરી જ આપણા ભૌતિક તત્ત્વ સુધીનાં સમગ્ર તત્ત્વોનું રૂપાંતર કરશે. અંતઃકરણમાં ચાર ક્ષમતાઓ હોય છે જે જ્ઞાનાર્જન - પ્રક્રિયાના ભાગ સ્વરૂપે અથવા પાસા સ્વરૂપેની હોય છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચાર આપણી આંતર ઇન્દ્રિયો છે. ઇન્દ્રિયોને સંસ્કૃતમાં 'કરણ' કહે છે અને આંતરને અંતઃ. આમ આ ચેતનાની ચાર ક્ષમતા સ્વરૂપ આંતર-શક્તિઓનો સમૂહ એટલે અંતઃકરણ. તેથી શાસ્ત્રોમાં 'અંતઃકરણ ચતુષ્ટયમ્' એવા શબ્દ પ્રયોગો જણાય છે.

**અંતઃકરણની ચાર ક્ષમતાઓ :**

મન બાહ્ય વસ્તુઓને કારણે અથવા ચિત્તમાં નિર્માણ થતાં સંવેદનોને ગ્રહણ

કરીને બુદ્ધિ સામે રજૂ કરવાનું કામ કરે છે. બુદ્ધિ તે ભિન્નભિન્ન ઇન્દ્રિયો મારફત આવેલાં સંવેદનોને સમગ્ર રીતે ગોઠવી તેનો અર્થ સમજવાનો પ્રયત્ન કરે છે. તે માટે બુદ્ધિ ચિત્તની મદદ લે છે. ચિત્ત ભૂતકાળનાં બધાં અનુભવો અને સંવેદનોને સંસ્કારો તરીકે સંગ્રહી રાખવાનું કામ કરે છે. અહંકાર આ અનુભવનો જીવનમાં કેવી રીતે ઉપયોગ કરવો એનો નિર્ણય લઈને પોતાનો પ્રતિભાવ આપે છે, જે ઈચ્છા તરીકે, કૃતિ તરીકે પ્રકટ થાય છે.

**રૂપાંતરની પ્રત્યક્ષ પ્રક્રિયા**

આ અંતઃકરણની ચારે ક્ષમતાઓને અંદરવાળીને આપણા સ્વરૂપમાંના આત્મતત્ત્વ પ્રતિ સભાન કરવી પડે છે. અભ્યાસથી અને એકાગ્રતાથી આ સભાનતાને કારણે આપણા ખૂબ જ ઊંડાણમાં જે દિવ્ય-શક્તિઓ કાર્ય કરતી હોય છે તેના સંવેદનો અનુભવવાની ક્ષમતા આપણે વિકસાવી શકીએ છીએ. આને જ આત્માનુસંધાન, આત્મ સાથે સંપર્ક સાધવો એમ કહે છે. આને કારણે તે અંદર કામ કરતી દિવ્ય-શક્તિઓ હવે આપણા સ્વરૂપનાં સપાટી ઉપર પણ આવી કામ કરવા માંડે છે. આ રીતે આપણા અવચેતનમાં ચાલતી દિવ્ય-પ્રક્રિયાને આપણે જાગૃત મનમાં પણ કાર્ય કરવાની જાણે સંમતિ આપતા હોઈએ છીએ અને તે દિવ્ય-શક્તિઓ આપણા બાહ્ય સ્વરૂપની અવરોધક રચનાઓ ઉપર દબાણ લાવી તેમને પોતાના કાર્યને અનુરૂપ ઘાટ આપવાનો પ્રયત્ન કરે છે. આ કાર્ય દરમિયાન સાધકને અખંડ એકાગ્રતા, સમર્પણભાવ, પ્રક્રિયા બાબતમાં દૃષ્ટાભાવ અને પ્રકૃતિનાં જૂના ઘાટ ભાંગવા દરમિયાન નિર્માણ થતા અવચેતનનાં પ્રત્યાઘાતો બાબત સહનશીલતા, તટસ્થતા વિવેકબુદ્ધિ, સમતા કેળવવાની હોય છે. આ સમગ્ર ક્ષમતાઓને જ 'તપ' અથવા તપસ્-શક્તિ કહેવામાં આવે છે. (ક્રમશઃ)

(પૃષ્ઠ ૩૮ ઉપરથી)

## શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

વાસ્તવિકતા એ છે કે ભગવાન તો બધે જ છે, બધું જ છે.

આસ્તિક, નાસ્તિક બન્ને અજ્ઞાનમાં જ જીવી રહ્યાં છે અને ભગવાન તેઓ અજ્ઞાનમાંથી જાગૃત થાય તેની તેમના હૃદયમાં વાટ જોઈ રહ્યાં છે.

પડછાયો માણસ જેવા આકારમાં દેખાય તેમ મૂર્તિ સુંદર હોય છે. કારણ તે પ્રભુની મૂર્તિ છે. પણ જ્યાં સુધી આ આસ્તિક પોતાના હૃદયમાં રહેલ અપૂજ ભગવાનને પૂજતો નથી ત્યાં સુધી તેની ગતિ નાસ્તિક જેવી જ છે.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

**Aphorisms**

(માતૃવાણી ભા-૧૦, પૃ.૬૦) - પ્રકરણ-૨૨

## આસ્તિક - નાસ્તિક સરખા ભાઈ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**નાસ્તિક એક એવો ઈશ્વર છે જે પોતે પોતાની સાથે સંતાકૂકડીની રમત રમે છે. પરંતુ આસ્તિક કોઈ જુદી વસ્તુ હોય છે ? કદાચ હોય પણ ખરો, કારણ એણે કેવળ ભગવાનનો પડછાયો જોઈને જ એને પકડી લીધો છે (૩૦)**

*****

''માતાજી, ઈશ્વર પોતાની સાથે સંતાકૂકડી કેવી રીતે રમી શકે ?''

''બેટા, ભગવાન બન્ને છે. નાસ્તિક પણ પોતે જ છે અને ભગવાન પણ પોતે જ. સંતાકૂકડીમાં જેમ એક વ્યક્તિ છૂપાઈ જાય અને બીજી તેને શોધે એમ અહીં ભગવાન સંતાઈ ગયાં છે અને ભગવાન રૂપી નાસ્તિક શોધે છે. નાસ્તિક જે પોતાની બુદ્ધિના મદાર ઉપર જીવે છે તેની પાછળ જ ભગવાન સંતાઈ ગયાં છે અને નાસ્તિક કહે છે બુદ્ધિથી તે છે એમ જણાતું નથી. તેથી નથી જ. જો હોત તો બુદ્ધિને તરત જણાત. આમ, નાસ્તિક ભગવાનના પોતાની અંદરના સાચા સ્વરૂપને ઓળખી શકતો નથી અને ભગવાનને બહાર શોધતો ફરે છે. પણ આસ્તિક પણ આમાં અપવાદરૂપ નથી. તે પણ પોતામાં રહેલ ભગવાનને ઓળખતો નથી અને ભગવાનને બહાર મંદિર, મસ્જિદમાં શોધે છે. બન્નેની ભૂલ સરખી જ છે.

છતાં તફાવત કરવો હોય તો એમ કહી શકીએ કે નાસ્તિક તો બહાર પણ કાંઈ શોધી શક્યો નથી, જ્યારે આસ્તિક મૂર્તિરૂપી ભગવાનના પડછાયાને પકડી બેઠો છે.

બન્નેની શોધ ખોટી દિશામાં ચાલી રહી છે. નાસ્તિક કોઈ વસ્તુમાં ભગવાન નથી એમ માને છે. આસ્તિક મૂર્તિમાં જ ભગવાન છે એમ માને છે, અન્યોમાં તેને ભગવાન દેખાતા નથી.

(પૃષ્ઠ ૩૭ ઉપર)

# સુંદર કથાઓ

- માતાજી

## હૃદયની ભાષા

(પૃ.૧૬૬-૧૬૭)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧૮૩૧ની સાલ. રાતનો સમય. ન્યાયાધીશ સૂવાની તૈયારી કરતો હતો ત્યાં બારણું ખખડ્યું.

‘‘કોણ ?’’

‘‘હું સાહેબ રંગાનંદ’’

સાહેબે બારણું ખોલ્યું. બહાર એક ગરીબ છોકરો ઊભો હતો. તેણે નમસ્કાર કર્યા. ન્યાયાધીશે પ્રશ્નાર્થક મુદ્રાથી સામે જોયું.

‘‘સાહેબ, મારા પપ્પાને આપે મહેસૂલ ન ભરવાથી જેલમાં પૂર્યા છે. મારી મા સતત રોય છે. આવતીકાલે મારો જન્મદિવસ છે. શું આપ એક દિવસ મારા પપ્પાને ઘેર જવાની રજા ન આપી શકો ?’’

‘‘ તારા પપ્પાનાં જામીન કોણ પડશે ?’’

‘‘સાહેબ, અમે ગરીબ છીએ તેથી જ મહેસૂલ ભરી શક્યા નથી. પણ હું આપને વચન આપું છું. જો તે પાછા ન આવે તો હું તેમને બદલે જેલ ભોગવીશ.’’

ન્યાયાધીશને દયા આવી. તેણે તેના પપ્પાને એક દિવસ ઘેર જવાની રજા આપી.

બાપ દીકરો ઘેર પહોંચ્યા ત્યારે રંગાનંદના આનંદની સીમાનો પાર ન રહ્યો. કારણ તેની મમ્મીનું મુખ ખીલી ઊઠ્યું હતું.

ત્રીજે દિવસે તો રંગાનંદના પપ્પા ન્યાયાધીશના ઘેર પહોંચ્યા. તેમનો આભાર માન્યો અને જેલમાં સ્વેચ્છાએ પૂરાયા.

આ જ રંગાનંદ મોટી ઉંમરે રંગાનંદ શાસ્ત્રી તરીકે પ્રખ્યાત થયો. તે પંદર ભાષા લખી, બોલી જાણતો હતો.

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૧૮૩-૧૯૪)

પ્રકરણ - ૨૯ **અવતરણો**

## દવા દ્વારા રોગ-નિવારણ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 The use of medicines..... is simply to help the body to have confidence. It is the body which heals itself. P.183
2 There is the whole possible range, from total supreme masterly to an equally total bondage to all external aids. P.183
3 It is some part of the material consciousness that is unreceptive, at other times it is the subconscient. P.184
4 It is quite evident that anything and everything can be cured by Grace and faith. P.185
5 Allopathy, Homeopathy, Naturopathy, Osteopathy, Kaviraji (Aurveda), Hakim..... For me all are only out ward means and what really works are unseen forces from behind. P.186
6 Homeopathy is nearer to yoga. P.186
7 Very strong..... medicines should be avoided as much as possible for Yoga increases the sensivity of the vital and physical reactions and drugs tend to produce stronger or other effects. P.188
8 The more drugs you take, the more you undermine your body's natural resistance. P.189
9 Nature is the all-round Healer. P.189
10 I would very much like to discuss certain things or certain details of the body's functioning and organisation with a man who thoroughly knows anatomy, biology, physical and bodily chemistry..... and who understands..... that all those things are a projection of other forces. P.194

દવાનો અતિરેકી ઉપયોગ શરીરની રોગ-નિવારણ ક્ષમતાને ઘટાડી નાંખે છે. તેથી માફક, સૌમ્ય દવા જ અને તે પણ ઓછા કાળ માટે લેવી જોઈએ. દવા શરીરમાં તેની જન્મજાત-રોગ પ્રતિકાર શક્તિમાં ફરી આત્મવિશ્વાસ જગાડે છે. ખરેખર તો શરીર પોતે જ તે દવાથી પ્રેરિત થઈને રોગ-નિવારણ કરતું હોય છે.

પણ શરીર ઉપર નિયંત્રણ મન, પ્રાણનું હોય છે. તેઓ શરીરને પોતાની રીતે જીવવા દેતા નથી. પણ પોતાની સમજણ અને પસંદગી મુજબ તેને હાંકે રાખે છે એ વસ્તુ જ શરીરની રોગ-પ્રતિકાર શક્તિ ઘટાડી મૂકે છે. તેથી મન શરીરમાં ફરી તેની મૂળભૂત ક્ષમતાઓ બાબત જાગૃતિ અને આત્મવિશ્વાસ નિર્માણ કરે તે જરૂરી છે. પણ મનની પોતાની સમજણ, તેનો વિકાસ, તેની નિર્ધાર-શક્તિ, વ્યક્તિ-વ્યક્તિમાં જુદા હોવાથી શરીરને રોગમુક્ત રાખવાની ક્ષમતા બાબત અનેક કક્ષાઓ નિર્માણ થાય છે. તેમાં શરીર ઉપરનું સંપૂર્ણ સ્વામીત્વથી માંડી સંપૂર્ણ ગુલામી સુધીની કક્ષાઓ રચાય છે.

વિશ્વાસ અને યોગશક્તિથી તદ્દન રોગમુક્ત રહી શકાય છે એ વાત સત્ય છે.

રોગ થવાનું મુખ્ય કારણ બાહ્ય કરતાં આંતરિક વધારે છે. શરીર દિવ્ય-શક્તિઓ પ્રત્યે ખુલ્લું હોય, તેનો ઉઘાડ હોય તો તે શરીર રોગનાં જંતુઓની દરકાર કર્યા વગર તંદુરસ્ત રહી શકે છે, પણ તે દિવ્યશક્તિઓ બાબત ગ્રહણશીલ ન હોય તો તે રોગ-જંતુઓના હુમલાથી તરત માંદું પડી જાય છે. આવા નબળી પ્રતિકાર - શક્તિ ધરાવતા શરીરને દવા આપવી જરૂરી બની જાય છે કારણ તે શરીરને પોતાને જ દવાદારૂમાં વિશ્વાસ હોય છે. આ જ બાબત તાવિત, દોરાધાગા, માનતા બાબતમાં પણ સાચી છે. શરીરની નૈસર્ગિક રોગ-પ્રતિકાર ક્ષમતાને સાચવી રાખવી ખૂબ જ જરૂરી છે.

ઍલોપથી, હોમિઓપેથી, નેચરોપેથી, આયુર્વેદ, હાકિમી-દવા, એક્યુપ્રેશર, એક્યુપંકચર; આ બધાં પાછળ ખરેખર તો પેલી દિવ્યશક્તિ જ કાર્ય કરતી હોય છે તેમાં પણ યોગ, હોમિઓપેથી, આયુર્વેદ વધારે કુદરતી છે.

સાધના કરવાથી શરીરની સંવેદનક્ષમતા ખૂબ જ વધી જતી હોય છે, તેથી દવાનો સામાન્ય ડોઝ પણ ઘણી વખત ખૂબ જ ઉગ્ર પરિણામો અને આડઅસર પેદા કરે છે. તેથી યોગીએ તો ખૂબ જ નાની માત્રામાં જ સૌમ્ય દવાઓ લેવાની ટેવ રાખવી હિતાવહ છે. એક વસ્તુ ખાસ ધ્યાનમાં રાખો. નિસર્ગ જેવો કોઈ ઑલરાઉન્ડર ડૉકટર નથી.

શ્રી અરવિન્દ પોતાનો દાખલો આપે છે. તેમના શરીરની રોગ-પ્રતિકાર શક્તિ ખૂબ જ નબળી છે એમ ડૉકટરો કહેતા અને તેઓ પણ માનતા. તેથી વારંવાર દવા લેવાની તેમને ફરજ પડતી પણ પોંડિચેરી આવ્યા બાદ ઉગ્ર સાધના કરવાથી તેમની તબિયત સુધરવા લાગી. તેમની માંદગી અને દવાનું પ્રમાણ ઘટવા

લાગ્યું. તેમને ખાતરી થઈ કે ડૉકટરોનો નિર્ણય અને તેમની માન્યતા સર્વથા ખોટી જ હતી. માતાજી પણ જણાવે છે કે તેમના શરીરમાં ચાર-પાંચ જીવલેણ રોગો હતા પણ યોગથી તે અંતિમ દિવસો સુધી દબાયેલા રહ્યા.

રોગ થવાનું કારણ આપણા શરીરની ખોટી સમજણ છે, પણ સાથે સાથે અવચેતનનો પણ તેમાં મોટો ભાગ હોય છે. બ્રહ્માનંદ સ્વામીએ પોતાના જાગૃત મનને બ્રહ્મમય કરી નાખવાથી તેઓ ત્રણસો વરસ નિરામય જીવન જીવ્યા પણ અંતે નર્મદા કિનારે ફરતી વખતે કટાએલી ખીલી પગમાં ખૂંપી જતા તેમના અવચેતન મને જોર કર્યું અને તેમને ધનુર્વા થઈ મૃત્યુ આવ્યું. અવચેતનને નાથવું ખૂબ જ મુશ્કેલ હોવાથી આજના તબક્કે શરીરને પોતાને રોગનિવારણ કરવામાં મર્યાદાઓ અનુભવાય છે પણ ભવિષ્યમાં આ મર્યાદાઓ અવચેતન પણ જીતાતા નહિ રહે.

માતાજી જણાવે છે કે આ વિષયમાં ઘણું સમજવાની અને સંશોધન કરવાની જરૂર છે. પણ તે માટે યોગ અને શરીરશાસ્ત્ર, ઔષધિશાસ્ત્ર ત્રણે જાણનારી વ્યક્તિ હોવી જરૂરી છે. માતાજી કહે છે કે શરીરશાસ્ત્ર, તેની રાસાયણિક-ક્રિયાઓ, તેની કાર્યપદ્ધતિ વિષે જાણકાર સાથે યોગનો દૃષ્ટિકોણ સમજાવી ચર્ચા કરવી ખૂબ જ રસિક અને જ્ઞાનદાયક વસ્તુ બની રહેશે. કારણ આ બધાં તો દિવ્ય-શક્તિઓની આવિર્ભાવપ્રક્રિયા દરમિયાન રચાયેલાં વિવિધ સાધનો માત્ર છે.

---

(પૃષ્ઠ ૪૮ ઉપરથી)

## ૧૫ ઑગસ્ટ - દર્શનદિન

સાધી પરમ ચેતનાને પ્રાપ્ત કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરશે.

માનવ તેની હાલની મનોમય ચેતનામાંથી ઉત્ક્રાન્ત થઈ ક્યારે સિદ્ધિ પ્રાપ્ત કરી શકશે, તે સમજાવતા શ્રી માતાજી સમજાવે છે કે માનવે સત્યનિષ્ઠ થવું પડશે. સત્યનિષ્ઠાને સમજાવતા શ્રી માતાજી જણાવે છે,

''સંપૂર્ણ સત્યનિષ્ઠાનો આપણે આ અર્થ કરીએ છીએ; આપણી સંવેદનાઓ અને આપણા કાર્યો બીજી કોઈ વસ્તુ નહિ, પરંતુ આપણા સ્વરૂપના કેન્દ્રસ્થ સત્યને અભિવ્યક્ત કરતા રહે.'' - શ્રી માતાજી

શ્રી અરવિન્દના જન્મદિન - દર્શનદિને આપણે સૌ સાધકો શ્રી અરવિન્દના માર્ગનું અનુસરણ કરવા માટે સત્યનિષ્ઠ બનીએ અને શ્રી અરવિન્દના જન્મદિનની સાચા અર્થમાં ઉજવણી કરીએ એવી કરુણામયી માને પ્રાર્થના.''

ૐ શાંતિ..... શાંતિ..... શાંત.....

# માનવની સર્વનાશક કુટેવ

- માનસિંહ ચાવડા

રામકૃષ્ણ ઠાકુર નારીમાત્રને જગદંબા સ્વરૂપે જોતા. પોતે તેમની તરફ માતૃભાવ રાખી પોતે બાલભાવ ધારણ કરતા. તેમના આ દિવ્યભાવને વિકૃતિ સમજી, તે કામવાસના પરાણે દમનને કારણે થએલી વિકૃતિ માની, મથુરબાબુ તેમને તેમાંથી બચાવવા વેશ્યા પાસે લઇ ગયા. પણ વેશ્યા પ્રત્યેનો ઠાકુરનો માતૃભાવ જોઈને તેમને પોતાની ભૂલ સમજાઇ.

માનવમાત્રને પોતાના ખ્યાલો મુજબ મહાપુરુષોને મૂલવવાની કુટેવ સર્વ સામાન્ય છે અને આમાંથી જ મહાપુરુષોનાં ચારિત્ર્ય-હનનનાં કિસ્સા રચાતા હોય છે. આવી વ્યક્તિઓ પ્રભુના કાર્યમાં અવરોધો નાખનારી આસુરી શક્તિઓના હાથા બની ગયા હોય છે, તે પણ તેઓ જાણતા હોતા નથી.

દિવ્યવિભૂતિઓ પારનૈતિક ચેતનામાં જીવતી હોય છે. તેમના મનમાંથી લિંગ-ભેદ અને પોતા-પારકાનો ભેદ નષ્ટ થએલ હોય છે. તેમના વર્તન પ્રકારો સામાન્ય માનવ જેવા લાગવા છતાં તે સામાન્ય વર્તન પ્રકારો હોતા નથી. તેની પાછળ કોઇ ગૂઢ અર્થ હોય છે, જે સામાન્ય માનવોને સમજાતો જ નથી. દા.ત. માતા પોતાનો પુત્રપ્રેમ પુત્રનો હાથ હાથમાં લઇ બોલ્યા વગર વ્યક્ત કરે છે. બહેન તેવો જ ભ્રાતૃપ્રેમ ભાઇનો હાથ હાથમાં લઈને કરે છે. આવી રીતે મૌનમાં રહીને પોતાના ભાવો શબ્દો વગર સામેવાળી વ્યક્તિને દર્શાવવાની ક્ષમતા માનવમાત્રમાં આવેલી છે. દિવ્યવિભૂતિઓ આવા જ પ્રકારે પોતાની દિવ્યઅનુભૂતિઓ પોતાના શિષ્યમાં આરોપિત કરતી માતાજી કોષોની સાધનાની ગહન અનુભૂતિઓની સમજણ સત્પ્રેમનો હાથ પોતાના હાથમાં રાખી કરાવતા.

સામાન્ય લોકો આ વર્તન પ્રકારો પાછળનો દિવ્ય-હેતુ સમજી ન શકવાથી તેમના પોતાના વિકાસને હાનિ ન પહોંચે માટે અને અન્યને તે દિવ્યવિભૂતિઓ બાબત બુદ્ધિભ્રમ ન થાય માટે ભારતીય અધ્યાત્મશાસ્ત્રમાં એક પરંપરાગત નિયમ જણાવેલ છે.

‘‘ન દેવ ચરિતં ચરેત્’’

અર્થાત્ દિવ્યવિભૂતિઓના બાહ્ય વર્તન પ્રકારોનો સામાન્ય માનવબુદ્ધિથી અર્થઘટન ન કરો અને જ્યાં સુધી તે દિવ્યવિભૂતિની ચેતનાની કક્ષાએ તમે પહોંચ્યા ન હો ત્યાં સુધી યોગ્યતા વગર તેમના વર્તનપ્રકારોનું આંધળું અનુકરણ પણ ન કરો.

સાધક તરીકે આવો વિવેક જાળવવો જરૂરી છે. નહિ તો પોતાના અને અન્યોના પતનના તમે કારણ બની જઇ પ્રભુકાર્યમાં અવરોધક બની જશો. દિવ્યવિભૂતિઓનાં દિવ્યભાવો અને તેમના પરસ્પર સંબંધો સામાન્ય માનવ-બુદ્ધિની સમજણ બહારના હોય છે. શ્રી માતાજીનો શ્રી અરવિન્દ પ્રત્યેનો પરમ-પ્રભુ તરીકેનો ભાવ અને શ્રી અરવિન્દનો માતાજી તરફનો જગન્માતાનો ભાવ આનો સ્પષ્ટ દાખલો છે. માનવની શરીર રચના અફર છે, તેથી જેમ વસ્ત્રોની ફેશનમાં મર્યાદા પડે છે તેમ વર્તન-પ્રકારોમાં પણ મર્યાદા ઊભી થાય છે. તેથી વિવિધ ચેતનાઓને એક જ વર્તન પ્રકાર જુદા જુદા હેતુ માટે વાપરવાનો પ્રસંગ નિર્માણ થાય છે.

---

(પૃષ્ઠ ૨૫ ઉપરથી)

## યોગ પર દીપ્તિઓ

૧૨ યોગચક્રો છે. ચેતનાનો પ્રવેશ અને તે દ્વારા મેળવવામાં આવતો પ્રકાશ અને શક્તિથી માનવશરીરની સંરચનાને સંચાલિત કરવામાં આવે છે. શ્રી અરવિન્દ મૂળાધાર ચક્રનો વિસ્તાર સ્થૂળથી છેક અવચેતન જણાવે છે જેને શ્રી માતાજી અન્ય બે વધારાના ચક્રોનો પણ વિસ્તાર કહે છે. ત્રણ સૂર્યચક્રોનો રંગ અનુક્રમે સુવર્ણ, પારદર્શક સુવર્ણમય અને હીરક પ્રકાશ હોય છે. હીરક પ્રકાશ છેક અવચેતનની નીચે પણ હોય છે. તે જ રીતે બ્રહ્મરંધ્રથી સૌથી ઊર્ધ્વતમ કક્ષાએ પણ હોય છે.

જે તે પ્રકાશનું ધ્યાન કરવાથી જે તે ચક્રની ચેતના કાર્યાન્વિત થવા માંડે છે અને તે મુજબ સાધકને અનુભવ અને દર્શનો આવવા માંડે છે. શ્રી માતાજી ઉત્ક્રાંતિના હાલના તબક્કાને ધ્યાનમાં રાખીને સુવર્ણમય પ્રકાશનું ધ્યાન કરવાનું કહેતાં કારણ ઉત્ક્રાંતિનો હવેનો તબક્કો વિજ્ઞાનમય સૃષ્ટિનો છે અને તેના આવિર્ભાવ માટેનો પ્રકાશ Golden Light સુર્વણમય પ્રકાશ છે. આ જ અતિમનસનો પ્રકાશ છે, જે પોતાના ગર્ભમાં કોઇપણ પ્રકાશને ધારણ કરી રાખે છે અને જે તે યોગચક્રમાં પ્રવેશતા જ તે પ્રદેશને અતિમનસ સૃષ્ટિ સાથે જોડી આપે છે.

# અકળામણ અને ક્ષોભનો ઉપાય

પ્રકરણ - ૨૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Lights for students - P. 113-121)

આપણે જીવન દરમિયાન પસંદગી - નાપસંદગીની ટેવો વિકસાવતા હોઇએ છીએ. કોઇ માન આપે એ આપણને ગમે છે. અપમાન કરે તો નથી ગમતું. આને કારણે આપણાં જીવનમાંનો નૈસર્ગિક આનંદ ડહોળાઈ જાય છે. કારણ આપણે અકળામણ અનુભતા હોઇએ છીએ અથવા વિક્ષુબ્ધ થઈ જઇએ છીએ. આમાંથી મુક્તિ કેવી રીતે મેળવવી ?

આ માટે આપણી ચેતનાની ગતિવિધિને સમજી લેવી જરૂરી છે. આપણી ચેતનાના વિવિધ સ્તરો હોય છે. સમુદ્રની જેમ તેના ઉપરની બાહ્ય સપાટી ઉપર ધસમસતા પ્રવૃત્તિના પ્રવાહો વહેતા હોય છે. જેમ જેમ ઊંડા ઉતરીએ તેમ આ પ્રવાહો શાંત રીતે સુસંવાદી રીતે વહેતા હોય છે. જો આપણી ચેતનાને સભાનતાના કેન્દ્રને આવા આંતિરક સપાટીએ લઈ જઈએ તો તરત અકળામણ નષ્ટ થઈ જાય છે. ક્ષોભ ઓસરી જાય છે. ચેતનાના આંતરિક-સ્તરોમાં ઉતરવા શું કરવું જોઇએ ?

શ્રી માતાજી જણાવે છે કે તે માટે તમારે બાહ્ય-ચેતનામાંથી પાછા હઠી જતા શીખવું પડશે. પ્રસંગને, પરિસ્થિતિને તટસ્થ ભાવે સ્વીકારતા શીખવું એટલે જ ચેતનામાં પાછળ હઠી જવું છે. જીવનમાંના દરેક પ્રસંગે નિર્ણય લેવાના ક્ષણે આ મુજબ જો પાછળ હઠી જતા શીખીને પછી નિર્ણય લેતા શીખશું તો ઘણા અકળામણના અને ક્ષોભના પ્રસંગને નિવારી શકાય છે.

આ રીતે કાયમી સ્વરૂપનો અભ્યાસ કરતાં કરતાં અંતે એવી સ્થિતિ આવશે કે ગહનશાંતિ કાયમીસ્વરૂપે તમારા સ્વરૂપમાં સ્થાયી બની જશે.

વિવેકથી એક વસ્તુ આપણે સમજી લેવી જ પડશે કે આ સંસારમાં કોઇ વસ્તુ સ્થાયી નથી. હરક્ષણે બદલાય છે. બધું જ સતત બદલાતું હોય છે. સંસાર શબ્દનો અર્થ જ આ છે.

પણ આ સતત બદલાવ એ તો ચેતનાની બાહ્ય સપાટી ઉપર જ છે. જેમ જેમ ઊંડા ઉતરશું એમ એમ શાશ્વતતાના પ્રદેશમાં બધું જ સંવાદમય રીતે ગતિ કરતું હોવાથી ત્યાં જ સાચી શાશ્વતતાનો જે ભવિષ્યમાં પ્રગટ થવાની છે તે અનુભવાશે. આપણે તે માટે પ્રયત્ન કરવા જોઇએ.

# દર્શનદિન - શ્રી અરવિન્દ જન્મદિનની ઉજવણી

- હર્ષદ ઠકરાર

૧૫ ઑગસ્ટ શ્રી અરવિન્દના જન્મદિન-દર્શનદિન તેમ જ ભારતના સ્વાતંત્રદિન તરીકે ઉજવીએ છીએ. ભારત શ્રી અરવિન્દના જન્મદિને સ્વતંત્ર થયું એ કોઇ આકસ્મિત ઘટના નથી પરંતુ પરમ ચેતના દ્વારા નિર્મિત એક સંયોગ છે. આ સંયોગની પાછળ રહેલી ચેતના અંગે આપણે સહમનન, સહચિંતન કરશું અને તે દ્વારા દર્શનના સાચા અર્થમાં ઉજવણી કરશું.

સંયોગનો અર્થ સમજાવતા મારા આધ્યાત્મિક પિતાતુલ્ય સાધકે મને સમજાવ્યું કે સંયોગ એટલે સમ્ યોગ. સમ્ એટલે સમત્વ અને યોગ એટલે પ્રભુ સાથે મિલન. આ દૃષ્ટિએ સમજતા પરમ ચેતનાને અહીં આ જગતમાં ચેતનાની ઉત્ક્રાંતિનું કાર્ય કરવાનું છે તે કાર્ય માટે પરમ ચેતના શ્રી અરવિન્દ સ્વરૂપે સ્થૂલ દેહ ધારણ કરી આવિર્ભાવ પામી છે.

શ્રી અરવિન્દે ભારત દેશ બ્રિટિશ ગુલામીમાંથી સ્વતંત્ર થાય તેવું સ્થૂલ લક્ષ્ય રાખ્યું ન હતું. પરંતુ સમગ્ર માનવજાત જે અપરાપ્રકૃતિ એટલે અચેતન અને અવચેતનતા બંધનમાં બંધાયેલી છે, તેમાંથી મુક્ત કરી પરાપ્રકૃતિ એટલે પરમ ચેતનામાં રૂપાંતર સાધી શકે છે તે ભગીરથ કાર્ય સિદ્ધ કરવાનું લક્ષ્ય રાખેલું.

અપરાપ્રકૃતિ માનવને હમેશાં દ્વન્દ્વમાં બાંધી રાખે છે. દ્વન્દ્વ એટલે માનવ અને પરમ પ્રભુ અલગ અસ્તિત્વ છે એમ અનુભવ કરાવે છે. પરાપ્રકૃતિ પરમ ચેતનાની અભિવ્યક્તિ હોય માનવ અને પરમ પ્રભુ અલગ અસ્તિત્વ તરીકે નહીં પરંતુ બન્ને વચ્ચે એકત્વનો અનુભવ કરાવે છે. પરાપ્રકૃતિમાં માનવ પોતે અલગ અસ્તિત્વ તરીકે જીવન વ્યતીત કરતો નથી. પરંતુ પરમ ચેતનામાં વ્યતીત કરે છે. માનવ પોતાને અલગ અસ્તિત્વ તરીકે અનુભવતો નથી પરંતુ પરમ પ્રભુના અંશ તરીકે અનુભવે છે. શ્રી અરવિન્દ આ ચેતનામાં જીવન વ્યતીત કરતા આ તે સમજાવતા શ્રી માતાજી જણાવે છે :

''શ્રી અરવિન્દે માનવશરીરમાં અતિમાનસ ચેતનાને મૂર્તરૂપે ધારણ કરવા કયા પ્રકારનું અનુસરણ કરવું તથા ધ્યેયની પ્રાપ્તિ માટે એની અનુસરણની પદ્ધતિ તેમણે દર્શાવી છે, એટલું જ નહિ પરંતુ પોતાના વ્યક્તિગત સાક્ષાત્કાર દ્વારા આપણને દૃષ્ટાંત પૂરું પાડ્યું છે કે આ વસ્તુ સિદ્ધ થઇ શકે એમ છે, અને એમ કરવાનો સમય પણ અત્યારે

જ છે તેની સાધના તેમણે પૂરી પાડી છે.'' -શ્રી માતાજી

શ્રી અરવિન્દ જે સાક્ષાત્કાર સિદ્ધ કર્યો છે તે આ જગતને ત્યાગ કરીને પ્રાપ્ત કર્યો નથી, પરંતુ આ સાક્ષાત્કાર માનવસ્વરૂપે સ્થૂલ દેહમાં સિદ્ધ કર્યો છે. જેને સમજાવતા શ્રી માતાજી જણાવે છે,

''શ્રી અરવિન્દ આપણને એમ કહેવાને આવેલા કે, સત્યને શોધવા માટે પૃથ્વી છોડવાની નથી. પોતાનો આત્મા શોધવા માટે જીવન છોડવાની જરૂર નથી. પ્રભુ સાથે સંબંધ બાંધવા માટે જગતને છોડી દેવાની કે અમુક મર્યાદિત માન્યતાઓ જ ધરાવવાની જરૂર નથી. પ્રભુ સર્વે સ્થળે છે, સર્વે વસ્તુઓમાં છે અને જો તે સંતાયેલા છે તો એનું કારણ એ છે કે આપણે એમને શોધવાની તકલીફ લેતા નથી.''- શ્રી માતાજી

શ્રી અરવિન્દના આવિર્ભાવ પામ્યા એ પહેલા એવી માન્યતાઓ હતી કે આત્માને શોધવા માટે આ જગત છોડવું પડે તેમ છે તે માન્યતાને શ્રી અરવિન્દે પોતાની સાધના દ્વારા ખંડન કરી આપેલ છે. માનવ સ્થૂલદેહે પરમ પ્રભુ એવા આત્માને શોધી શકતો નથી. તેનું કારણ માનવ અચિત્‌માંથી ઉત્ક્રાંત થઈ મનોમન ચેતનાની અવસ્થામાં પહોંચ્યો છે. પરંતુ માનવ પાર્થિવ ચેતના, અવચેતન અને અચેતનમાંથી મુક્ત થયો નથી, એટલે માનવ અપરાપ્રકૃતિથી સંચાલિત જીવન જીવે છે અને સત્યને શોધવા માટે આ જગતનો ત્યાગ કરવો જરૂરી છે એમ દૃઢ માન્યતાઓ ધરાવે છે.

શ્રી માતાજીએ સમજાવ્યા મુજબ અપરા પ્રકૃતિમાંથી મુક્ત થવા માટે માનવે, શ્રી અરવિન્દે જે સાધના કરી છે તે સાધનાનું અનુસરણ કરવાનું છે. આ અનુસરણ એટલે માનવે સર્વે વસ્તુમાં પોતે ગમે ત્યાં હોય ત્યાં પરમ પ્રભુને અનુભવવાના છે. જે રીતે શ્રી અરવિન્દે કાળ કોટડીમાં દીવાલ, જેલની જાળી, તેમને આપવામાં આવેલ ધાબળા વગેરેમાં વાસુદેવની અનુભૂતિ થઈ હતી, તે રીતે માનવે પણ ગમે તેવી વિકટ પરિસ્થિતિ આવેલ હોય તો તે પરિસ્થિતિ પરમ પ્રભુની પ્રસાદી તરીકે સ્વીકારવાની હોય છે, તો જ તે શ્રી અરવિન્દે ચીંધેલા માર્ગે પ્રગતિ સાધી શકે.

શ્રી અરવિન્દના માર્ગે સાધનાનું અનુસરણ કરતા માનવને સમજાશે કે શ્રી અરવિન્દના આવિર્ભાવનો હેતુ શું છે ? શ્રી અરવિન્દના આવિર્ભાવનો હેતુ સમજાવતા શ્રી માતાજી જણાવે છે,

''એક નવી માનવની તેમ જ એક નૂતન અતિમનસ જગતના આવિર્ભાવની ઘોષણા કરવા શ્રી અરવિન્દ પરમાત્વ તત્ત્વમાંથી પૃથ્વી ઉપર ઉતરી આવ્યા છે.''

- શ્રી માતાજી

શ્રી અરવિન્દ પરમાત્વતત્ત્વ હોવા છતાં માનવ પરમ પ્રભુને અને અતિમનસ ચેતનાને પ્રાપ્ત કરી શકે તે માટે માનવદેહ ધારણ કરી માનવદેહના અપરાપ્રકૃતિના બંધનો સ્વીકાર્યા છે. શ્રી અરવિન્દનો માનવદેહ ધારણ કરવાનો હેતુ માનવ પરમ ચેતનાની નજીક સાહજીકતાથી જઈ શકે તે છે. જો શ્રી અરવિન્દ પરમ પ્રભુસ્વરૂપે આવ્યા હોત તો એમ માનવ તેની નજીક પહોંચી શક્યો ન હોત. આ દૃષ્ટિએ શ્રી અરવિન્દે માનવદેહ ધારણ કરી માનવને મનોમય ચેતનામાંથી ઉત્ક્રાંત કરી અતિમનસ ચેતનામાં લઇ જવાનું ભગીરથ કાર્ય કર્યું છે.

શ્રી અરવિન્દ પરમાત્વતત્ત્વ તરીકે માનવદેહમાં આ જગતમાં આવિર્ભાવ પામ્યાં છે તે આપણને શ્રી માતાજીની ૩૦ માર્ચ ૧૯૧૪ની પ્રાર્થના દ્વારા પ્રાપ્ત થાય છે :

''જગતમાં ભલે હજારો લોક અજ્ઞાનમાં ડૂબેલા હોય, ગઈકાલે અમને જેનું દર્શન થયું છે તે પૃથ્વી ઉપર છે; એની હાજરી પોતે જ એ વસ્તુને સિદ્ધ કરવાને પૂરતી છે કે એક દિવસ એવો આવવાનો છે કે જ્યારે ગહનમાં ગહન અંધકાર પ્રકાશમાં પલટાઇ જશે, અને પૃથ્વી ઉપર તારું શાસન અવશ્ય સ્થપાશે.''

(પ્રાર્થનાઓ અને ધ્યાન - પૃ.૮૪-૮૫) - શ્રી માતાજી

શ્રી માતાજી સમજાવે છે તે મુજબ આ જગતમાં શ્રી અરવિન્દની હાજરી ગહનમાં ગહન અંધકારને દિવ્ય પ્રકાશમાં રૂપાંતરિત કરવા માટે છે. જગતમાં રહેલ અંધકાર એટલે અચેતન અને અવચેતન જે ભવિષ્યમાં દિવ્ય પ્રકાશ એટલે કે અતિમનસ ચેતનામાં રૂપાંતર પામશે. આ રૂપાંતર એટલે શ્રી અરવિન્દ જણાવે છે,


''પ્રાર્થિવતા પ્રગટ કરશે આત્માનું મુખ.'' - શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દ આપણને માનવમાં રહેલ અચેતન અને અવચેતનથી ઢંકાએલ આત્માને તેના મૂળ સ્વરૂપે પ્રગટ કરશે. માનવ આત્માને તેના મૂળ સ્વરૂપે, પરમાત્વ-તત્ત્વ પ્રગટ કરી શકતો નથી તેનું કારણ માનવ અત્યારે જે અવસ્થામાં છે તેમાંથી ઉત્ક્રાંત થઇ પોતે મૂળ સ્વરૂપે દિવ્યતા છે તે દિવ્યતાને અભિવ્યક્ત કરવાની છે. તે સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે,

''જે તત્ત્વ અચેતનરૂપે દેખાય છે તેમાં ચેતના પ્રગટ થાય છે અને એક વાર પ્રગટ થઈ ગયા પછી તે આપ મેળે વધુ વિકાસ પ્રત્યે ગતિ કરવા લાગે છે અને સાથે સાથે એક વધુ સંપૂર્ણતા પ્રત્યે સિદ્ધ વૃદ્ધિ પામે છે.'' - શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દે સમજાવ્યા મુજબ અચિત્‌માં એક ચેતના પ્રગટ થઈ ગઈ છે. આ ચેતના આપોઆપ એક પછી એક આવરણોમાંથી મુક્ત થઇ પરમ ચેતના પ્રત્યે ગતિ

(અનુ.પૃષ્ઠ ૪૨ ઉપર)



# શ્રી અરવિંદ

All in him turns to spirit vastnesses.
His soul breaks out to join the oversoul,
His life is oceaned by that super life.
He has drunk from the breasts of the Mother of the worlds:
A topless supernature fills his frame:

Savitri B-1, C-3, P-24

## ચેતનાનું અવતરણ

ભાવાનુવાદ

સ્વરૂપનાં તત્ત્વો બધાં, અસીમ ચેતન તરફ વળે,
નિજ-આત્મા ઊર્ધ્વ ગતિ કરી, ઊર્ધ્વ-ચેતને જઇ મળે.
જીવનને છલકાવી દે, એ ઊર્ધ્વ-સાગર છલકતો,
દિવ્ય-ઉન્માદનો નશો, જગન્માતઉરેથી પીતો.
દિવ્યપ્રકૃતિના ઊર્ધ્વ ક્ષિતિજે, એ અનંતતા નિહાળતો,
તેનો ઘસારો પ્રકૃતિને ગ્રસી. સભર પણ કરતો જતો.

## અધ્યાત્મની મશાલ : શ્રી અરવિન્દ

સાધનાની સમજણ નથી, નથી વિવેક વિચાર,
અજ્ઞાન ગૂઢતાના ધુમ્મસે, જાણે છવાઈ એ વાટ.

પણ સદ્‌ભાગ્યે ગુરુ મળ્યાં, જ્ઞાન શક્તિની સાથ,
મશાલ ધરી પ્રજવાળતા, સાધનાના એ વિકટ ઘાટ.

પદે પદે પથ ચીંધતાં, સાધક શ્રદ્ધા બળે,
સુરક્ષિત માર્ગે વાળતા, ભ્રમણાના વમળો ટળે.

અમ હૃદયાસને સ્થિર બનો, ધરો પૂર્ણતાનો યોગ,
અમે તેને આત્મસાત્ કરી, જીવને થાયે વિનિયોગ.

અમ ચેતન વિકાસ કરો, સહુ સાધકો સાથ,
એ તારા આ અબુદ્ધ બાળનો, મન ધર આર્જવનું હાર્દ.

વિશ્વ ઉત્ક્રાંતિ ઝડપી બને, જગ બને સુખ શાંતિ-ધામ,
પ્રભુ પ્રગટ લીલાં તણો, છલાકાયે આનંદ-જામ.


**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રના પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક** www.aurogujarat.com > Journals & Ebooks > Sahaj Satsang
www.sriaurobindoashram.info>E-Library > Magazines > Sahaj Satsang (Gujarati)

**પુસ્તકો** www.sriaurobindoashram.info>E-Library > Disciples > Mansinh Chavda

E-mail ID : sahajsatsang@gmail.com

**સહજ-સત્સંગ**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper of INDIA
RNI No. 075948/23/22 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2014

DATE OF POSTING : 1st OF EVERY MONTH **- RAJKOT - RMS**